સુવિચાર
અશુભ કાર્યને શુભ કાર્યમાં પ્રમાણિક પ્રયાસથી જ ફેરવી શકાય છે.
સારી બાબતોનો સ્વીકાર કરશો તો જીવનને પ્રમોશન મળશે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૭/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.








તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ અ.શ્રાવણ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૧૯૨


## કપાસ, મગફળીનું વાવેતર લોહી-પાણી એક કરીને કર્યુ હોય લીલા દુષ્કાળનો ભય

# અમરેલી જિલ્લાનાં અનેક વિસ્તારોમાં ભારે વરસાદથી જગતાત ચિંતામાં

**એક મહિનાથી અવિરત વરસાદથી પાક પીળો એટલે કે બગડી જવાની દહેશત ઉભી થઈ**

**જો હવે ૧૫ થી ૨૦ દિવસ સુધી વરાપ ન નીકળે તો ખેડૂતોની ચિંતામાં વધારો થશે**

**ખેડૂતો આર્થિક સંકડામણ વચ્ચે ખેતીકાર્ય કરતા હોય તેવા સમયે લીલો દુષ્કાળ પડે તો ગંભીર સ્થિતિ બને**

**મોંઘાભાવનું બિયારણ, ખાતર, દવા અને કાળી મહેનત બાદ પણ યોગ્ય ઉત્પાદન ન થાય તો શું કરવું તેવો પ્રશ્ન**






સાવરકુંડલા, તા. ૨૭

સતત એકધારા વરસાદથી અમરેલી જિલ્લાના જગતના તાત મુંઝવણમાં મુકાઈ ગયા છે. અવિરત પણે ૩૦ દિવસ ઉપરાંતથી પડતા થતી મેઘ મહેરને કારણે કપાસ મગફળી સહિતના પાકોની સ્થિતિ વધુ કફોડી બની છે. ત્યારે અવિરત વરસાદને કારણે અમરેલી જિલ્લાના ખેડૂતોની હાલત અતિ દયનીય બની છે.

અવિરત વરસાદને કારણે અમરેલી જિલ્લાના ખેડૂતોના ખેતીપાકોની સ્થિતિ જોઈએ તો, કપાસ અને મગફળીના પાકો હજુ પણ વરસાદી પાણીના પ્રવાહમાં તરબતર જોવા મળી રહ્યા છે. કેમ કે છેલ્લા ૩૦-૩૨ દિવસથી અમરેલી જિલ્લામાં એક દિવસના વિરામ વગર અવિરતપણે વરસાદ વરસી રહ્યો છે ને ખેતીના પાકો પાણીમાં સરસ તરબોળ જોવા મળે છે. અમરેલી જિલ્લામાં કપાસનું ૩ લાખ ૧૦ હજાર હેકટરમાં વાવેતર થયું છે તો બીજા નંબરે મગફળીનું ૧ લાખ ૨૫


અનુસંધાન પાના ૬ ઉપર


### એક કલાકમાં બે ઈંચ વરસાદ

## ચિત્તલ અને જસવંતગઢ પંથકમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ

**ખેડૂતોમાં પાક નિષ્ફળ જવાનો ભય**

અમરેલી, તા. ૨૭

સતત એક માસ જેટલો વરસાદી માહોલ રહયા બાદ ચિતલ, ટીંબા, જસવંતગઢમાં છેલ્લા ચાર પાંચ દીવસથી ઉઘાડ જેવું વાતાવરણ સર્જાયું હતું. પરંતુ આખો દીવસ વરસાદી ઝાપટા શરૂ રહેતા હતા. ફરી આજે ગુરૂવાર સવારથી જ મેઘા ડંબર છવાયો બાદ આજે બપોરે ૩ વાગ્યાથી ૪ વાગ્યા સુધી ધોધમાર વરસાદ પડી ગયો હતો. બાદમાં ૪ વાગ્યા થી ૫:૩૦ ધીમી ધારે શરૂ રહેતા આશરે બે થી અઢી ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. ઉપરવાસનાં ગામડાઓ, રાંઢિયા, શેડૂભાર, રોકડીયા, નાના આંકડીયા, મોણપુર, ધરાઈ, વાવડી સહિત બળ લપીપરીયા જેવા ગામડાઓમાં પણ વરસાદ પડી જતા, ચિતલની 'ઠેબી' નદીમાં પુર આવી ગયુંહતું. તેમજ 'વરાપ' ન નિકળતા કપાસ, મગફળી, સહીતના પાકો નિષ્ફળ જવાની ભીતી સર્જાઈ છે.






### નદીમાં દશામાની મૂર્તિ પધરાવતી વખતે દુર્ઘટના ઘટી

# અમરેલી : એસ.ટી. ડેપો ડ્રાઈવર અને તેના ભત્રીજા અને ભત્રીજીનું લાખાપાદર ખાતે પાણીમાં ડૂબી જવાથી મોત

**મૃતકનાં પત્નીને આઘાત લાગતા તેઓને સારવારમાં ખસેડાયા**




અમરેલી, તા. ૨૭

ધારી તાલુકાના લાખાપાદર ગામે આવેલ બુઢેર મહાદેવ નજીક દશામાંની મૂર્તિ પધરાવવા જતા કાકા, ભત્રીજી અને ભત્રીજાનું કરૂણ મોત નિપજયા હતાં. અમરેલીના હનુમાનપરા રોડ જલારામ સોસાયટી વિસ્તારમાં બંસીધર સ્કૂલ પાસે અને એસ.ટી.માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા એક જ પરિવારના ત્રણ લોકોના મોત થતા પરિવાર પર આભ તૂટી પડયું હતું. આ અંગે પોલીસ દ્વારા ઘટનાને લઈને આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી પ્રમાણે, ધારીના લાખાપાદર ગામે આવેલ બુઢેર મહાદેવ ખાતે આવેલ શેલ નદીમાં ડૂબી જવાને કારણે એક જ પરિવારના ત્રણ લોકોના મોત નિપજયા હતા. સ્થાનિક ગામના તરવૈયાઓ દ્વારા પાણીમાં ડૂબેલા અને એસ.ટી. બસમાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા કિશોરભાઈ વલકુભાઈ ડાંગર (ઉ.વ. ૪૫), ભત્રીજો રાજવીર કનુભાઈ ડાંગર (ઉ.વ. ૧૬) તથા ભત્રીજી બોરલબેન કનુભાઈ ડાંગર (ઉ.વ. ૧૭) રહે. મૂળ રાંદલના દડવા હાલ હનુમાનપરા રોડ જલારામ સોસાયટી પાસે અમરેલીવાળાને પાણીમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને તાત્કાલિક ધોરણે સારવાર માટે ૧૦૮ તથા ચલાલા નગરપાલિકાની ટીમ દ્વારા ચલાલા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના તબીબે ત્રણેયને મૃત જાહેર કરેલ હતા. આ ઘટનામાં મોતને ભેટનાર ત્રણેય એક જ પરિવારના કાકા, ભત્રીજો અને ભત્રીજી થાય છે. તેવામાં આ ઘટના બનતા સમગ્ર પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. ઘટનાથી આઘાત પામેલ મૃતક ડ્રાઈવરના પત્નીને આઘાત લાગતા ચલાલા દવાખાને ખસેડાયા હતા. જયા તેમની પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી.

આ ઘટનામાં મૃત્યુ પામનાર લોકો દશામાની મૂર્તિ પધરાવવા આવેલ હતા તે દરમિયાન પાણીમાં ડૂબી જવાને કારણે ત્રણેયના મોત થયા હતા. આ ઘટનામાં ત્રણેયના મૃતદેહને પીએમ માટે ખસેડવામાં આવ્યા હતા અને પોલીસે વધુ કાર્યવાહી શરૂ કરી હતી. તો આ ઘટના બનતા તેના પરિવાર પર આભ તૂટી પડયું હતું.


ડૉ. પિયુષ વી. ગોસાઈ
(એમ.ડી.) ગાયનેક
પ્રસુતિ તથા સ્ત્રીરોગ નિષ્ણાંત
શ્રીજી વુમન્સ હોસ્પિટલ તથા સોનોગ્રાફી સેન્ટર
સુખનાથપરા, હિરામોતી ચોક, શ્રીજી ટાવર સામે, લીલીયા રોડ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૧૦૯૬ મો. ૭૦૧૬૧૧૨૪૦૬
ઓપીડી સમય : સવારે ૧૦ થી ૨ સાંજે ૬ થી ૮
સોમવાર થી શનિવાર...
ઉપલબ્ધ સુવિધાઓ : સગર્ભા સ્ત્રીઓની નિયમિત તપાસ (ANC) ■ પ્રસુતિ પછીની તપાસ (PNC) ■ નોર્મલ ડીલેવરી ■ સીઝેરીયન ડીલેવરી ■ કોપર ટી સરકાર માન્ય કુટુંબ નિયોજનનું ઓપરેશન ■ સરકાર માન્ય ગર્ભપાત (MTP) કેન્દ્ર ■ સોનોગ્રાફી સેન્ટર (કલર ડોપ્લર તથા 3D/4D સોનોગ્રાફી) ■ ગર્ભાશયનાં તમામ રોગોની તપાસ તથા સારવાર ■ ગર્ભાશયનું ટાંકાવાળુ/ટાંકા વગરનું ઓપરેશન ■ ગર્ભાશયનાં મુખનાં કેન્સરની તપાસ (પેપ્સ સ્મીયર) ■ IUI ફેસીલીટી ■ IVF માટે સલાહ.



નંદભુવન સોસાયટી
ખુલ્લા પ્લોટોનું વેચાણ શરૂ કરેલ છે
સાઈટ : ચિતલ રોડ, ભાવકા ભવાની મંદિરથી પ્રતાપપરા જવાના રસ્તે
સુચિત "રીવરફ્રન્ટ પ્રોજેકટની સાવ નજીક"
તૈયાર કબ્જો
૯૦ વારથી વધુના પ્લોટો
ફકત ૨૩ પ્લોટનું વેચાણ કરવાનું છે
બુકીંગ માટે સંપર્ક
મો. ૮૩૫૬૮ ૪૯૧૯૩ ■ મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪



સ્ટાફ જોઇએ છે
દાંતના દવાખાનામાં કામ કાજ માટે
લેડીઝ સ્ટાફ જોઇએ છે
મળવાનો સમય : સવારે ૯ થી ૧
સાંજે : ૫:૦૦ થી ૭:૦૦
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
ફોન (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

## અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, તાપી, મહીસાગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્થિતિ ચિંતાજનક

# હે રામ : ગાંધીનાં ગુજરાતમાં ૧૬૫૭ શાળામાં ''એક અકેલા'' શિક્ષક

**છેલ્લા અનેક વર્ષોથી શાળા પ્રવેશોત્સવનાં તાયફાઓ કરવામાં આવી રહ્યા હોય પરિણામ સામે છે**

**શિક્ષણ એ દેશનાં વિકાસ માટે પાયાની જરૂરિયાત છતાં તેમાં પણ ગંભીર બેદરકારી બહાર આવી**

**એક જ શિક્ષકથી ચાલતી શાળાનાં હજારો બાળકોનું ભવિષ્યનું ઘડતર કેવી રીતે થતું હશે તેનો વિચાર કરવો જરૂરી**

**પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડો. મનિષ દોશીએ રાજયનાં પ્રાથમિકથી લઈને માધ્યમિક શિક્ષણની દશા વર્ણવી**

અમદાવાદ, તા. ૨૭

ગુજરાતનાં ૩૩ જીલ્લાની ૧૬૫૭ સરકારી શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. જેમાં કચ્છ, અમદાવાદ, રાજકોટ, બનાસકાંઠા, તાપી, મહીસાગર અને દેવભૂમિ દ્વારકા મોખરે છે. પૂર્વ પટ્ટી, આદિવાસી વિસ્તારમાં ૩૫૩ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ત્યારે ગુજરાતની પ્રાથમીક/માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક યોજના રદ કરીને કાયમી શિક્ષકોની ભરતી કરવામાં આવે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દર વર્ષે શાળા પ્રવેશોત્સવના નામે તાયફા યોજી સરકારી તિજોરીમાંથી કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે. પરંતુ બીજી તરફ ગુજરાતમાં ૧૬૫૭ સરકારી શાળાઓ એવી છે જે માત્ર એક જ શિક્ષકથી ચાલે છે. એક જ શિક્ષકના હવાલે ચાલતી શાળાઓમાં બાળકો કેવી રીતે અભ્યાસ કરતાં હશે ? તેમનું ભણતર કેવું હશે ? એક જ શિક્ષકથી ચાલતી શાળાઓ મામલે ગામડાંઓમાં સ્થિતિ અતિ ચિંતાજનક અને વિકટ છે. ૧૬૫૭ માંથી સૌથી વધુ ૧૩૬૩ શાળાઓ એકલા ગ્રામ્ય વિસ્તારની છે. જયારે બાકીની ૨૯૪ શાળાઓ રાજયના શહેરી વિસ્તારોની છે. આ શાળાઓમાં અલગ અલગ વર્ગના વિદ્યાર્થીઓને માત્ર એક જ શિક્ષક ભણાવે છે. રાજયની ૩૩ જીલ્લામાંથી સાત જીલ્લામાં સૌથી વધુ શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલે છે. જેમાં કચ્છમાં ૨૧૩, અમદાવાદમાં ૯૮, રાજકોટમાં ૮૩, બનાસકાંઠમાં ૮૧, તાપીમાં ૮૦, મહિસાગરમાં ૭૭ અને દેવભૂમિ દ્વારકામાં ૭૩ શાળાઓ છે. ગ્રાન્ટેડ પ્રાથમીક–માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ઓછી ફીના કારણે ગરીબ–સામાન્ય–મધ્યમ વર્ગના વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરતા હોય છે. તેમને શિક્ષકો વિના અભ્યાસ કરવાની ફરજ પડી રહી છે જે ઘણી જ ગંભીર બાબત છે. આ છે ભાજપ સરકારની શિક્ષણ અંગેની વ્યવસ્થાનો ચિતાર...!

શિક્ષણના બજેટ ફાળવણીમાં કરોડો રૂપિયા ફાળવણીના મોટા મોટા દાવાઓ કરતી ભાજપ સરકાર ગરીબ–સામાન્ય–મધ્યમ વર્ગના બાળકોને શિક્ષણના અધિકારથી વંચિત રાખી રહી છે. એક તરફ શિક્ષણમાં ક્રાંતિકારી પહેલના નામે મોટી મોટી જાહેરાતો કરતી ભાજપ સરકારનો શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું એપી સેન્ટર છે. રાજયની ૩૮૦૦૦ સરકારી શાળાઓમાંથી ૫૬૧૨ સરકારી શાળાને ઓછી સંખ્યાના નામે મર્જ / બંધ કરવાનું પાપ કરવા આગળ વધતી ભાજપ સરકારમાં ૩૨ હજાર શિક્ષકોની લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે. ૩૮ હજાર વર્ગખંડોની મોટા પાયે ઘટ છે. ૧૬૫૭ શાળા માત્ર એક શિક્ષકથી ચાલી રહી છે. ૧૪,૬૫૨ શાળા એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને ભણવા માટે મજબુર થવું પડે છે, શું આ રીતે ભણશે ગુજરાત ? કેન્દ્ર સરકારના જવાબમાં શિક્ષણક્ષેત્રે ભાજપ સરકારની મોટા મોટા દાવા કરતી જાહેરાતોની પોલ ખુલ્લી પડી છે.

ગુજરાત સરકારે જે આધાર લઈને જ્ઞાન સહાયક યોજના જાહેર કરેલ છે તે રાષ્ટ્રિય શિક્ષણ નિતિ–૨૦૨૦ માં પેઈજ નં. ૨૨, પોઈન્ટ નં. ૫૧૭ માં સ્પષ્ટ પણે કાયમી શિક્ષકો નિમણુંકની જોગવાઈ છે તો પછી કોન્ટ્રાકટ આધારે જ્ઞાન સહાયક યોજના કેમ ? રાજયમાં ૩૨૦૦૦ કરતા વધુ શિક્ષકોની જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. બીજી તરફ, ટેટ–ટાટ પાસ થયેલ ૫૦,૦૦૦ હજાર જેટલા ગુજરાતના યુવાન–યુવતીઓ કાયમી ભરતીના સ્વપ્ન જોઈ રહ્યા છે પણ, સરકારે કરાર આધારિત જ્ઞાન સહાયકની ભરતી જાહેર કરવુ કેટલા અંશે વ્યાજબી ?

ડિજિટલ યુગ વચ્ચે ગુજરાતમાં બે હજારથી વધુ સરકારી સ્કુલોમાં ઈન્ટરનેટની સવલત નથી. આ સંદર્ભેનો વર્ષ ૨૦૨૧–૨૨ નો એક રિપોર્ટ તાજેતરમાં જાહેર થયો હતો. ગુજરાતમાં ૨૦૧૮ સરકારી શાળામાં ઈન્ટરનેટની સુવિધા નથી. જે શાળાઓમાં ઈન્ટરનેટની સવલત ઊભી કરાઈ છે તે પૈકી કેટલી શાળાઓમાં અત્યારે ઈન્ટરનેટની સવલત ઠપ્પ છે તે વિશે રિપોર્ટમાં સ્પષ્ટતા કરાઈ નથી. ગુજરાતમાં વર્ષ ૨૦૦૫–૦૬ થી ૨૦૨૨–૨૩ ના અરસામાં ૭૧૯૯ શાળાઓમાં કોમ્પ્યુટર લેબોરેટરી ઊભી કરવા માટે મંજૂરી આપવામાં આવી હતી, સમગ્ર દેશમાં ૧.૨૦ લાખથી વધુ સ્કુલોમાં કોમ્પ્યુટર લેબોરેટરી માટે મંજુરી અપાઈ હતી. હકીકતમાં અનેક શાળાઓમાં કોમ્પ્યુટરો ધૂળ ખાય છે.

રાજયનો શિક્ષણ વિભાગ જે રીતે એક પછી એક પગલા / યોજના જાહેર કરી રહી છે તેનાથી શિક્ષણ વ્યવસ્થા સુધારાને બદલે વધુ નુકસાનકારક સાબિત થઈ રહ્યું છે. તાજેતરમાં રાજયના ઉચ્ચ સનદી અધિકારીએ શિક્ષણની સ્થિતિ અંગે ગંભીર પરિસ્થિતિ સરકારને ધ્યાને મુકી હતી. રાજયની સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમીક–માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળામાં સત્વરે કાયમી શિક્ષકોની નિમણુંક કરવામાં આવે અને ગેરબંધારણીય–ગેરકાયદેસર કરાર આધારિત 'જ્ઞાન સહાયક યોજના' રદ કરવામાં આવે.

### ઇન્ટરનેશનલ કો.ઓપ. એલાઇન્સની બેઠકમાં ભાગ લેવા

# પ્રદેશ યુવા ભાજપના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી મલેશિયા જવા રવાના

**વિશ્વનાં અનેક દેશોનાં પ્રતિનિધિઓ જોડાશે**



અમરેલી, તા. ૨૭

ઈન્ટરનેશનલ કો–ઓપેરેટિવ એલાઈન્સ કે જેના ભારત, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ભૂતાન, ચીન, ઈન્ડોનેશિયા, ઈરાન, જાપાન, જોર્ડન, કઝાકિસ્તાન, કિગીસ્તાન, કિરીબાતી, કુવૈત, માલદીપ, મલેશિયા, મંગોલિયા, મ્યાનમાર, નેપાળ, ન્યુઝીલેન્ડ, પેલેસ્ટિનિયન પ્રદેશ, પાકિસ્તાન, ફિલીપાઈન્સ, પાપુઆ ન્યુ ગિની, સાઉદી અરેબિયા, દક્ષિણ કોરિયા, શ્રીલંકા, સિંગાપુર, થાયલેન્ડ, તિમોર લેસ્ટે, સયુંકત આરબ અમિરાત, વાનુઆતુ અને વિયેતનામ આ સંસ્થાના સદસ્યો છે. ૯

યારે ઈન્ટરનેશનલ કો–ઓપેરેટિવ એલાઈન્સ દ્વારા યુથ વીગની મલેશિયા ખાતે યુવાનો કો–ઓપેરેટિવ તરફ આગળ વધે અને કો–ઓપેરેટિવ ડેવલપમેન્ટ અને આગળના ભવિષ્યમાં યુવા શકિતનો ઉપયોગ થાય તેવા હેતુ માટે મલેશિયા ખાતે ઈન્ટરનેશનલ કો–ઓપેરેટિવ એલાઈન્સના યુથ વીંગની બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભારતમાંથી યુવાનો ઉપસ્થિત રહેશે,

એવામાં ગુજરાત અને અમરેલીના ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ અને અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણી આ બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે આજે અમદાવાદ હવાઈ મથકથી મલેશિયા જવા માટે રવાના થયા.

### કુંકાવાવ : પ્રત્યક્ષ શિક્ષણ માટે એસ.બી.આઈ.ની મુલાકાત લેતા વ્રજ વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ



તસ્વીર : રાજુ યાદવ–કુંકાવાવ

કુંકાવાવ, તા. ૨૭

ધો.૧૦ ના વિદ્યાર્થીઓએ અભ્યાસમાં આવતા બેન્કિંગ પ્રકરણની વિસ્તૃત સમજ માટે કુંકાવાવની બેંકની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ સમયે બેન્ક મેનેજર અનુરાગ મિત્તલ સૌને આવકારી અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ વિસ્તૃત જાણકારી આપી હતી. વિવિધ ખાતાઓના પ્રકાર બેન્કમાંથી રકમ ઉપાડવા મુકવાની કાર્યપધ્ધતિ તેના ફોર્મ અન્ય ડીઝીટલ સુવિધાઓ, એટીએમ સેવા, પાસબુક એન્ટ્રી મશીન, તથા બેન્કના વિવિધ વિભાગોની માહિતી આપી હતી. આ મુલાકાત સમયે વ્રજ એજયુકેશન ટ્રસ્ટના પ્રતિનિધિ ઉદયભાઈ દેસાઈએ પણ હાજર રહી તેમના ખાતામાં વિવિધ કાર્યવાહી કરી લાઈવ માહિતી આપી હતી. આ સરસ મુલાકાતનું આયોજન આચાર્ય વિવેકભાઈ દીક્ષિતના માર્ગદર્શન નીચે વ્રજ વિદ્યાલયનાં મેડમ મીનાક્ષીબેન સોરઠીયા અને જાનકીબેન આસોદરીયાએ સફળ રીતે કર્યુ હતું. મેનેજર અનુરાગ મિત્તલ તથા બેન્ક સ્ટાફ આલોક અને બેન્ક મિત્ર રઘુભાઈનો આભાર માન્યો હતો. વિદ્યાર્થીઓને પણ ખૂબ મજા પડી હતી.

### અમરેલી નજીક આવેલ

# જસવંતગઢ ગામે દુકાનમાં તથા મંદિરમાંથી રૂા. ૨૧૫૦ રોકડની ચોરી

**બનાવ અંગે તાલુકા પોલીસે કરી ધોરણસર કાર્યવાહી**


અમરેલી, તા. ૨૭

અમરેલી તાલુકાનાં જસવંતગઢ ગામે રહેતા ચંદુભાઈ નાથાભાઈ ટાઢાણીની દુકાનમાં તા. ૧૯/૭નાં રાત્રીનાં સમયે કોઈ અજાણ્યા ચોર ઈસમે દુકાનનું શટર ઉંચકાવી ગલ્લામાં રાખેલ રૂા. ૧૫૦ તથા બાજુમાં આવેલ હનુમાનજી મંદિરમાંની દાનપેટીમાંથી રૂા. ૨૦૦૦ મળી કુલ રૂા. ૨૧૫૦ની રોકડની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અમરેલી તાલુકા પોલીસમાં નોંધાઈ છે.

### શાસકો યુદ્ધના ધોરણે સફાઇકાર્ય કરાવે

# સાવરકુંડલામાં આવેલ પાલિકાની મુતરડીમાં અસહ્ય ગંદકીનો માહોલ

**આજુબાજુનાં રહેવાસીઓ પણ તોબા પોકારી ગયા**



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા નગરપાલિકાની માલિકીની મહુવા રોડ ઉપર આવેલ માર્કેટમાં આવેલ મુતરડીની સાફ સફાઈ કરવાની પ્રબળ માંગ ઉઠવા પામી છે.

નગર પાલિકાની માલિકીની મહુવા રોડ ઉપર માર્કેટ બનાવવામાં આવેલ છે તે માર્કેટમાં જાહેર મુતરડીની વ્યવસ્થા પણ નગર પાલિકા દ્વારા કરવામાં આવેલ છે ત્યારે તે નગરપાલિકાની માર્કેટમાં છેલ્લા ૨૦ વર્ષથી મુતરડીને સાફસફાઈ કરવામાં ન આવતા લોકોને અને ત્યાં આડોશી પાડોશીઓને ત્યાં રહેવું મહામુસીબત બન્યું છે તેમજ તેમની દેખરેખના અને સાફસફાઈના અભાવે એવી ભયંકર દુર્ગંધ મારે છે સ્થિતિ દયનીય બની ગઈ છે ત્યારે લોક લાગણી ને માન આપી તે પ્રશ્નો તાત્કાલિક હલ કરવો જોઈએ તેવી માંગ ઉઠવા પામી છે

### ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા

# સાવરકુંડલાની કાણકીયા કોલેજમાં ઉદ્યોગ જાગૃતિ અંગે સેમિનાર યોજાયો

**આત્મનિર્ભર બનવા માટે ઉદ્યોગો સ્થાપવા આહ્વાન**



સાવરકુંડલા, તા. ૨૭

નુતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકીયા આર્ટસ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (CED), ભાવનગર કચેરી દ્વારા જુદા જુદા ઉદ્યોગોની સ્થાપના કરવા અંગે માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવેલ, ત્યારબાદ ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાનના જિલ્લા કો ઓર્ડિનેટર હિતેશભાઈ બગડાએ આત્મનિર્ભર બનવા કયા કયા ઉદ્યોગ શરૂ કરી શકાય? ઉદ્યોગ કઈ રીતે સ્થાપવો ? ઉદ્યોગ સ્થાપવા માટે કઈ મદદ અને સવલત ઉપલબ્ધ છે ? વગેરે મુદ્દા પર પોતાના વ્યાખ્યાનમાં વિશેષ છણાવટ કરેલ.

રસ ધરાવતા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન દ્વારા ૧૨ દિવસની સઘન તાલીમ મેળવી ઉદ્યોગ ક્ષેત્રે કઈ રીતે પગભર થઈ શકે ? તે બાબતે તેમણે માર્ગદર્શન પૂરૂ પાડેલ તેમજ આગામી દિવસોમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમની પ્રથમ બેચ શરૂ થશે તે અંગે પણ વિદ્યાર્થીઓને વાકેફ કરેલ. બહેનો પણ ઉદ્યોગ દ્વારા આત્મનિર્ભર બની શકે તે માટે ભૂમિકાબેન ધીરૂભાઈ ખેરાજે વિદ્યાર્થીની બહેનોને વ્યકિતગત માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમનું સફળ સંચાલન વા.પ્રિ. રીંકુબેન ચેધરીએ કરેલ તેમજ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર સ્ટાફગણે વિશેષ જહેમત ઉઠાવેલ, એમ પાર્થ ગેડીયા દ્વારા એક અખબારી યાદીમાં જણાવાયું હતું.

### સા.કુંડલા ખાતે કબીર ટેકરી આશ્રમમાં નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો




સાવરકુંડલા, તા. ૨૭

સદ્‌ગુરૂ શ્રી કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલા અને લાયન્સ કલબ ઓફ અમરેલી સીટી તથા નેત્રાલય હોસ્પીટલ સંચાલીત અમરેલી દ્વારા વિનામુલ્યે નેત્ર નિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પનું ભવ્ય આયોજન થયેલ હતું. આ કેમ્પમાં આંખોના રોગથી પીડાતાં દર્દીનારાયણ માટે ઓપરેશન વિનામુલ્યે કરવામાં આવ્યું હતું. આ કેમ્પની અંદર ઓ.પી.ડી.માં ૧૧૭ દર્દીઓએ લાભ લીધો હતો અને તેમજ મોતિયાના ઓપરેશન માટે ૩૪ દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પનું દિપ પ્રાગટય કબીર ટેકરીનાં મહંત શ્રી નારાયણ સાહેબ, લાયન્સ કલબ ઓફ અમરેલી સિટીમાંથી કિશોરભાઈ શિરોયા તથા જયેશભાઈ પંડયા અશ્વિનભાઈ ડોડીયા, એમ. એમ. પટેલ તથા રૂજુલભાઈ ગોંડલીયા સામાજિક સેવા સંસ્થાન શ્રી બચુભાઈ જીવરાજભાઈ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી વિશાલભાઈ વ્યાસ, જગદીશભાઈ જેઠવા, જિતેનભાઈ હેલૈયા, મેહુલભાઈ ત્રિવેદી તથા પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ નેત્રાલયના કર્મચારી તથા કબીર ટેકરીના સ્વયંમ સેવકો વગેરેએ સેવા આપી હતી. છેલ્લા ૧૧ વર્ષથી મહિનાના ત્રીજા રવિવારે યોજાતો આ કેમ્પ હવે દર મહિનાના ત્રીજા ગુરૂવારે યોજાઈ છે.

### મચ્છરજન્ય રોગને અટકાવવા

# દામનગર શહેરમાં પાલિકા તંત્ર દ્વારા દવા છંટકાવની કામગીરી શરૂ કરતાં હાશકારો

**શહેરીજનોમાં તંત્રની કામગીરીની પ્રશંસા**



દામનગર, તા.૨૭

માખી, મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય અને તેઓના ત્રાસથી લોકો મુકત રહે તે માટે દામનગર નગરપાલિકા દ્વારા મુકિત મળે એવા હેતુથી શહેરીજનોનું આરોગ્ય સારૂ રહે તે માટે ચીફ ઓફિસરના માર્ગ દર્શન મુજબ પ્રમુખ ચાંદનીબેન પ્રિતેશભાઈ નારોલા અને સભ્યોની દેખરેખ હેઠળ ગઈકાલથી ફોગીંગની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

માખી મચ્છરની સાથે સાથે અન્ય જીવ જંતુઓનો ઉપદ્રવ હોય તો તેનો પણ નાશ થાય એવી કામગીરી શરૂ કરવામાં આવતા ચોમાસાની ઋતુમાં વાતાવરણ અને પર્યાવરણ શુદ્ધ રહેશે. આ કામગીરીમાં શહેરીજનોનો સાથ સહકાર મળી રહ્યો છે.

## નિંદામણ, સાતી, દવા અને ખાતર છંટકાવની કામગીરી પૂરજોશમાં

# બાબરા પંથકમાં વરાપ નીકળતાં ખેડૂતો ખેતીકામમાં લાગ્યા

**મગફળી, કપાસ અને કઠોળ સહિતનાં પાકોનું સમગ્ર પંથકમાં મોટાપાયે વાવેતર**

**અમુક વિસ્તારમાં વધુ વરસાદનાં કારણે કપાસ અને મગફળીનાં પાકને સામાન્ય નુકસાન**

**નદી, તળાવ અને જળાશય ભરાઈ જતાં સિંચાઈની પણ ચિંતા દૂર થઈ ગઈ**

**વરાપ હજુ એકાદ પખવાડીયા સુધી લંબાઈ જાય તો ખેતી ઉત્પાદન ભરપૂર થશે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા પંથકમાં અનરાધાર મેઘવર્ષાથી જગતના તાતમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. શહેર અને તાલુકામાં ધોધમાર વરસાદના કારણે નદી, તળાવ અને ડેમ ભરાય જતા સિંચાયની પણ ચિંતા દૂર થઈ ગઈ તેમજ કુવા અને બોરના તળ પણ ઉંચા આવી ગયા હતા. ત્યારે સતત વરસાદ પડવાથી ખેડૂતો વરાપની રાહ જોઈને બેઠા હતા. કારણ કે પાકના જીવનદાન માટે દવા, ખાતર અને નિંદામણ જરૂરી હતું પણ વરાપ નહિ નીકળતા અને સતત વરસાદના કારણે ખેડૂતો પણ ચિંતામાં જોવા મળી રહ્યા હતા.

ત્યારે સામાન્ય છુટા છવાયા વરસાદને બાદ કરતાં સમગ્ર પંથકમાં વરાપ નીકળતા ખેડૂતોને જીવમાં જીવ આવ્યો હોય તેમ રાજીના રેડ જોવા મળ્યા હતા અને ખેતરોમાં ખેતીમાં લાગી ગયા હતા. ખેડૂત અગ્રણી દિનેશભાઈ પોકિયાએ જણાવ્યું હતું કે, સારા વરસાદથી ખેતીપાકને ખુબ જ ફાયદો થયો છે અને વરાપની રાહ જોઈને બેઠા ખેડૂતોને વરાપ નીકળતા ખેતી કામમાં લાગ્યા છે. હાલ ખેતરમાં ત્રણ ફૂટ ખડ ઊગી નીકળ્યું છે એટલે સાતી હાકવી પડે છે તેમજ અન્ય સામન્ય નિંદામણ કરવું અને પાકને દવા અને ખાતરનો છંટકાવ કરી રહ્યા છે.

બાબરા તાલુકામાં કપાસ અને મગફળીનું મુખ્ય અને મોટાભાગનું વાવેતર કરવામાં આવે છે તેમજ તલ, મગ અને અડદ જેવા કઠોળનું સામાન્ય વાવેતર કરવામાં આવ્યું છે. વધુ વરસાદના કારણે ખેતીમાં પાણી વધુ આવી જતા અમુક કપાસ અને મગફળીનો પાક બગડયો છે પણ ત્યાં ખેડૂતો એરંડાનું વાવેતર કરવા લાગ્યા છે એટલે એકંદરે ખૂબ સારૂં છે અને હજુ વરાપ રહે તો ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખેતીકામ કરવાનું બાકી છે તે પૂર્ણ થઈ જાય.

### સોરઠીયા પરિવાર દ્વારા પ્રેરણાદાયી કાર્ય

## અમરેલીનાં સારહિ તપોવન આશ્રમને સ્વ. માતા પિતાનાં સ્મરણાર્થે રૂપિયા ૧૧ લાખનું અનુદાન

**પરિવારનાં સદસ્યો સંસ્થાની સેવા પ્રવૃત્તિથી પ્રભાવિત થયા**

અમરેલી, તા. ૨૭

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલીત સારહી તપોવન આશ્રમની તા. ૨૬/૦૭/૨૦૨૩ ના રોજ મુળ કોલડાના વતની અને હાલ રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિ ચતુરભાઈ સોરઠીયા, કાંતિભાઈ સોરઠીયા દ્વારા સારહી તપોવન આશ્રમની વિઝીટ મુલાકાતથી પ્રભાવિત થઈને ખુશ થયા અને તેમના સ્વ. માતા–પિતાશ્રીના સ્મરણાર્થે ઉમળ કાભેર સેવાભાવના સાથે સારહી તપોવન આશ્રમનાં નિર્માણ કાર્ય માટે રૂા. ૧૧,૦૦,૦૦૦/– ની આર્થીક શુભેચ્છા રકમનું અનુદાન કરેલ.



સાથોસાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિથી ખુશ થયા અને આ અંગે સારહી તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા–પ્રેરણા સ્ત્રોત પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહી પરિવારને શુભકામનાઓ પાઠવી હતી. આ તકે મુકેશભાઈ સંઘાણી, નગર પાલીકા પ્રમુખ પ્રતિનિધિ ચંદુભાઈ રામાણી, દિનેશભાઈ નંદાણીયા, નગર સેવક હરિભાઈ કાબરીયા સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહી સારહી પરિવાર વતી દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવેલ. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

## સાવરકુંડલા : પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફૂટ પેટ્રોલીગ કરાયું



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી મહોરમ અનુસંધાને ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું.

### સર્વોદય સરસ્વતી મંદિર–બાબાપુર સંચાલિત

## ખાંભાનાં તાતણિયા ગામની જનતા વિદ્યાલયમાં અનોખો પ્રવેશોત્સવ યોજાયો

**ટ્રસ્ટ પરિવારે શાળાને શુભેચ્છા પાઠવી**

ખાંભા, તા. ૨૭

ખાંભા તાલુકામાં સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર સંચાલિત શ્રી જનતા વિદ્યાલય, તાતણિયામાં સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ થયા હોઈ ઉજવાઈ રહેલ અમૃત મહોત્સવના અનુસંધાને શાળાના 'પૂજય બા દાદા એન.એસ.એસ. યુનિટ' અને કરૂણા કલબ દ્વારા અનોખી રીતે બાળકોનાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી.

આ અનુસંધાને સમગ્ર શાળા સ્ટાફ દ્વારા બાળકોને દિલથી આવકારવામાં આવેલ. ધોરણ નવમાં પ્રવેશ પામેલ દરેક વિદ્યાર્થીને સમગ્ર શાળા પરિવાર દ્વારા એક સુંદર મજાની પેન આપીને આવકારવામાં આવેલ. એવું કહેવાય છે કે પેન એ તલવાર કરતાં પણ વધુ શકિતશાળી છે. બાળકો આ પેન દ્વારા એના ભવિષ્યને સુંદર રીતે કંડારે એવી ભાવના સાથે ધોરણ ૧૦, ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓના વરદ્ હસ્તે તેમને આ કલમ અર્પણ કરવામાં આવી. આ સુંદર



મજાની ઘટનાને વધુ મીઠી બનાવવા માટે સમગ્ર શાળા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓના મોઢાં એમની પ્રિય એવી ચોકલેટ અને પીપરમેન્ટથી મીઠાં કરાવવામાં આવ્યાં. કારણકે આ સ્વાદ તેઓ જીવનભર મમળાવવાના છે! આમ આ શાળામાં ભણતા દરેક વિદ્યાર્થીને એક કૌટુંબિક લાગણી થાય એવી સુંદર રીતે આ પ્રવેશોત્સવ ઉજવવામાં આવેલ. જે બદલ ટ્રસ્ટ પરિવારે શાળાને ખૂબ અભિનંદન આપ્યાં હતાં.


YAMAHA RACING
॥ વંદે માતરમ્ ॥
FZS FI
lord of the streets
યામાહાનું અત્યાધુનિક સ્કુટર અને બાઈક



NOW WITH CONNECT
Side Stand Engine cut-off Switch
Light Weight
135kg
3D Emblem
Durable 149cc fuel Injection Engine
Two-level Single Piece Seat
* - ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો.
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬૮૨૦૦૪ - ૭૦૪૮૭ ૮૨૦૦૪

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

■ કાર ■ બાઈક ■ ટ્રેકટર ■ ટ્રક ■ બસ
ટાયર-ટયુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ



સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે
શીંગપાક
ટોપરાપાક
ગુલાબજાંબુ
સ્પે. માવાના પેંડા
ડ્રાયફ્રુટ ફરાળી ચેવડો
બટેટા વેફર્સ
કેળા વેફર્સ
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૭૦૯૫૫

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO



ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

Hero
go BIG go XOOM
LED TAIL LAMP



DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
HONDA
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક



સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

### લોકનીતિ-સીએસડીએસ દ્વારા કરાયેલા સર્વેમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા

# બેકારી, ગરીબી, મોંઘવારી અને ભ્રષ્ટાચાર દેશની મોટી સમસ્યા

## ૩૫ ટકા યુવાનોએ આર્ટ્સ/હ્યુમેનિટીઝને અભ્યાસ માટે પ્રથમ પસંદગી હોવાનું જણાવ્યું, ૬૧ ટકા યુવાનોએ સરકારી નોકરીને તેમની પ્રાથમિકતા ગણાવી

નવી દિલ્હી, તા. ૨૭

દેશમાં વધી રહેલી બેરોજગારીથી આજના યુવાનો સૌથી વધુ ચિંતિત છે. યુવાનો માને છે કે આજે તેમના માટે સૌથી મોટી સમસ્યા અભ્યાસ બાદ નોકરી શોધવાની છે. પહેલાની સરખામણીમાં આજે નોકરી શોધવી ખૂબ જ મુશ્કેલ બની ગઈ છે. તેનું મુખ્ય કારણ છે હાલમાં ઓછી નોકરીઓનું સર્જન થઈ રહ્યું છે. તે જ સમયે, માત્ર ૫ ટકા યુવાનો ઉચ્ચ શિક્ષણ માટે વિજ્ઞાનને પસંદ કરી રહ્યા છે. લોકનીતિ-સીએસડીએસ દ્વારા કરવામાં આવેલા સર્વેમાં આ બાબતો સામે આવી છે. આ સર્વે ૧૮ રાજ્યો જેમાં ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, મધ્ય પ્રદેશ, તમિલનાડુ, રાજસ્થાન, કર્ણાટક, ગુજરાત, ઓડિશા, કેરળ, ઝારખંડ, આસામ, પંજાબ, છત્તીસગઢ અને દિલ્હીમાં કર્યો હતો. ૧૫ થી ૩૪ વર્ષની વયના ૯૩૧૬ યુવાનો વચ્ચે કરવામાં આવ્યું. સર્વે માટે ફિલ્ડવર્ક નવેમ્બર અને ડિસેમ્બર ૨૦૨૨માં કરવામાં આવ્યું હતું. આ સર્વેમાં જ્યારે યુવાનોને દેશની સૌથી મોટી સમસ્યા વિશે પૂછવામાં આવ્યું તો તેઓએ બેરોજગારીને ટોચ પર મૂકી. સર્વેમાં સામેલ ૩૬ ટકા યુવાનોએ બેરોજગારીને સૌથી મોટી સમસ્યા ગણાવી છે. ૧૬ ટકા યુવાનો ગરીબીને સૌથી મોટી સમસ્યા માને છે. ૧૩ ટકા યુવાનોએ કહ્યું કે, તેમના માટે મોંઘવારી સૌથી મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૬ ટકા યુવાનોએ ભ્રષ્ટાચારને સૌથી મોટી સમસ્યા ગણાવી હતી. ૪ ટકા યુવાનોના મતે ઓનલાઈન શિક્ષણ એક મોટી સમસ્યા છે. તે જ સમયે, ૪ ટકા યુવાનોના મતે વધતી વસ્તી એ એક મોટી સમસ્યા છે. સર્વેમાં સામેલ ૧૮ ટકા લોકોએ કોઈ જવાબ આપ્યો નથી. સર્વેમાં યુવાનોને અભ્યાસના ક્ષેત્ર અંગે તેમની પસંદગી વિશે પૂછવામાં આવ્યું હતું. સર્વેમાં સામેલ એક તૃતીયાંશ એટલે કે ૩૫ ટકા યુવાનોએ આર્ટ્સ/હ્યુમેનિટીઝને અભ્યાસ માટે તેમની પ્રથમ પસંદગી હોવાનું જણાવ્યું. સર્વેમાં સામેલ ૨૦ ટકા યુવાનોએ વિજ્ઞાનમાં રસ દાખવ્યો હતો. ૮ ટકા યુવાનોએ કોમર્સને તેમની પસંદગી હોવાનું જણાવ્યું હતું. નોંધનીય છે કે સર્વેક્ષણમાં સામેલ યુવાનોમાંથી માત્ર ૫ ટકાએ જ વિજ્ઞાન/ટેક્નોલોજીને પોતાની પસંદગી ગણાવી છે, જ્યારે ૧૬ ટકા યુવાનોએ મિશ્ર વિષયોને તેમની પસંદગી હોવાનું જણાવ્યું છે.

સર્વેમાં યુવાનોને સરકારી કે ખાનગી નોકરીમાંથી કોઈ એકની પસંદગી કરવાનું કહેવામાં આવ્યું હતું. સર્વેમાં સામેલ ૬૧ ટકા યુવાનોએ સરકારી નોકરીને તેમની પ્રાથમિકતા ગણાવી હતી. ૨૭ટકા યુવાનોએ પોતાનો બિઝનેસ, સાહસ અથવા સ્ટાર્ટ અપ શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. માત્ર ૬ ટકા યુવાનો ખાનગી નોકરી કરવા ઈચ્છતા હતા.

સર્વેમાં સામેલ યુવાનોને કોરોના સમયગાળા દરમિયાન ઓનલાઈન ક્લાસ અને ઓનલાઈન અભ્યાસ દરમિયાન આવતી સમસ્યાઓ વિશે પૂછવામાં આવ્યું હતું. તેમાંથી ૩૯ ટકા યુવાનોએ નબળી ઈન્ટરનેટ કનેક્ટિવિટીને મોટી સમસ્યા ગણાવી હતી. તે જ સમયે, ૮૦ ટકા યુવાનોએ સ્વીકાર્યું કે કોરોના સમયગાળા અને લોકડાઉન દરમિયાન અભ્યાસમાં સમસ્યા હતી. જ્યારે ૫ ટકા યુવાનોએ સ્વીકાર્યું કે લોકડાઉન દરમિયાન તેમને અભ્યાસ કરવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. સર્વે મુજબ કરિયરની દૃષ્ટિએ યુવાનોની બીજી પસંદગી એજ્યુકેશન સેક્ટર છે. ૧૪ ટકા યુવાનો શિક્ષણ અને સંબંધિત કામને વ્યવસાય તરીકે અપનાવવા માંગે છે. સર્વેમાં સામેલ ૬ ટકા યુવાનો સરકારી નોકરીમાં જવા માંગે છે. ૮ ટકા પોલીસમાં અને ૩ ટકા વહીવટી સેવાઓમાં રહેવા માંગે છે. માત્ર ૨ ટકા યુવાનોએ તેમની વર્તમાન નોકરી ચાલુ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

### કોંગ્રેસના અધ્યક્ષે મોદી પર નિશાન તાક્યું

# મોદી મણિપુર હિંસા મુદ્દે સંસદમાં કેમ નથી બોલતા

## જે સરકારે ૮૫ દિવસોથી મણિપુરના લોકોની પીડા પર ધ્યાન નથી આપ્યું તે માનવતા પર કલંક જ છે : કોંગ્રેસ

નવી દિલ્હી, તા. ૨૭

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાઅર્જુન ખડગેએ ગુરુવારે વડાપ્રધાન મોદી સામે નિશાન તાકતાં કહ્યું કે મણિપુર હિંસા મુદ્દે સંસદમાં બોલવા મુદ્દે પીએમ મોદી કેમ ખચકાય છે? આ તો લોકતંત્રનું મંદિર છે. તેમની પાસે દેશભરમાં રાજકીય ભાષણો આપવા માટે પૂરતો સમય છે પણ સંસદમાં બોલવાનો નથી. આ લોકતંત્રને બગાડી રહ્યું છે.

ખડગેએ પીએમ મોદી સામે પ્રહાર કરવાનું ચાલુ રાખતાં કહ્યું કે મણિપુરના લોકોનો અવાજ સરકારને સંભળાઈ રહ્યો નથી, આ એક માનવતા પર કલંક સમાન બાબત છે. ખડગેએ ટ્વિટ કરતાં કહ્યું કે મણિપુરનું સળગવું એ દેશ માટે એક કાળો અધ્યાય છે. જે સરકારે ગત ૮૫ દિવસોથી મણિપુરના લોકોની પીડા પર ધ્યાન નથી આપ્યું તે માનવતા પર કલંક જ છે.

કોંગ્રેસ અધ્યક્ષે પીએમ મોદીને ઘેરતાં કહ્યું કે સંસદમાં સત્ર ચાલી રહ્યું છે અને વડાપ્રધાન ગૃહમાં બોલવાની જગ્યાએ વિવિધ જગ્યાઓ પર જઈને ભાષણો આપી રહ્યા છે.

આ લોકતંત્રને કલંકિત કરે છે. તેમણે કહ્યું કે વિપક્ષને ગાળો આપી, મોદી સરકારના કુકર્મોને મિટાવી નહીં શકાય. ફક્ત દલિતો, જનજાતિ અને પછાતવિરોધી લોકો જ કાળા કપડાની મજાક ઉડાવે છે પણ અમારો કાળો રંગ વિરોધ અને શક્તિનો પ્રતીક છે.

### ઓગસ્ટમાં થઇ રહ્યા છે પાંચ મોટા ફેરફાર

# ઓગસ્ટમાં ક્રેડિટ કાર્ડથી લઇને ITRમાં સૌથી મોટા ફેરફાર થશે

## ઇન્ડિયન બેંકની ૩૦૦-દિવસની FD પણ છે જેના હેઠળ ૫ હજારથી ૨ કરોડ રૂપિયા સુધીનું રોકાણ કરી શકાય છે અને તેમાં રોકાણ કરવાની છેલ્લી સમય ૩૧ ઓગસ્ટ છે

નવી દિલ્હી, તા. ૨૭

ઑગસ્ટ મહિનામાં પૈસા સંબંધિત ઘણા મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે. આ તમારી બચત અને રોકાણોને અસર કરી શકે છે.

અહીં આવા પાંચ ફેરફારો વિશે માહિતી આપવામાં આવી છે, જેમાં ખાસ ફિક્સ્ડ ડિપોઝિટ, ITR ફાઈલિંગ અને ક્રેડિટ કાર્ડ સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.

તમારે તેમના વિશે જાણવું જોઈએ. જો તમે એક્સિસ બેંકના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરો છો અને ફ્લિપકાર્ટ પરથી ખરીદી કરો છો તો હવે તમને કેટલાક કેશબેક અને ઈન્સેટિવ પોઈન્ટ ઓછા મળશે.

ખાનગી ક્ષેત્રની આ બેંકે તેમાં ૧૨ ઓગસ્ટ ૨૦૨૩ સુધીનો ઘટાડો કર્યો છે. બેંકની વેબસાઈટ મુજબ, ૧૨ ઓગસ્ટ, ૨૦૨૩ થી તમે ફ્લિપકાર્ટ પર મુસાફરી સંબંધિત ખર્ચની ચૂકવણી કરવા માટે તમારા ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવા પર ૧.૫ ટકા કેશબેક માટે પાત્ર બનશો. SBIની સ્પેશિયલ એફડી સ્કીમ અમૃત કળશમાં રોકાણ કરવાની છેલ્લી તારીખ ૧૫ ઓગસ્ટ છે.

આ ૪૦૦-દિવસની ટર્મ ડિપોઝિટ સ્કીમ છે, જેનો વ્યાજ દર નિયમિત ગ્રાહકો માટે ૭.૧ ટકા અને વરિષ્ઠ નાગરિકો માટે ૭.૬ ટકા હશે. આ વિશેષ FD હેઠળ સમય પહેલા ઉપાડ અને લોનની સુવિધા પણ મેળવી શકાય છે. ઈન્ડિયન બેંક દ્વારા ખાસ FD રજૂ કરવામાં આવી છે, જેનું નામ "IND SUPER 400 DAYS" છે. આ ૪૦૦-દિવસની ફિક્સ ડિપોઝિટ સ્કીમ હેઠળ ૧૦,૦૦૦ રૂપિયાથી ૨ કરોડ રૂપિયાનું રોકાણ કરી શકાય છે. તેમાં રોકાણ કરવાની છેલ્લી તક ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ છે.

૪૦૦-દિવસની વિશેષ FD હેઠળ સામાન્ય લોકોને ૭.૨૫% અને વરિષ્ઠ નાગરિકોને ૭.૭૫% વ્યાજ આપવામાં આવે છે. ઈન્ડિયન બેંકની ૩૦૦-દિવસની FD પણ છે જેના હેઠળ ૫ હજારથી ૨ કરોડ રૂપિયા સુધીનું રોકાણ કરી શકાય છે અને તેમાં રોકાણ કરવાની છેલ્લી સમય ૩૧ ઓગસ્ટ છે.

તે સામાન્ય લોકોને ૭.૦૫ ટકા અને વરિષ્ઠ નાગરિકોને ૭.૫૫ ટકા વ્યાજ આપે છે. જો તમે ૩૧મી જુલાઈ સુધી ITR ફાઈલ નથી કર્યું તો તમારે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરવા પર પેનલ્ટી ભરવી પડશે. ૫ હજાર રૂપિયાનો આ દંડ ૧ ઓગસ્ટ ૨૦૨૩થી લાગુ થશે. જો તમે અંતિમ તારીખ સુધીમાં તમારુ ITR ફાઈલ કરવામાં નિષ્ફળ થશો તો તમારી પાસે રિટર્ન ફાઈલ કરવા માટે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીનો સમય છે.

૩૧ જુલાઈ પછી ITR ફાઈલ કરવા પર ઈન્કમ ટેક્સ એક્ટ ૧૯૬૧ની કલમ 234F હેઠળ ૫,૦૦૦ રૂપિયાનો દંડ ભરવો પડશે. જો કે, જેમની વાર્ષિક આવક પાંચ લાખથી ઓછી છે,

તેમણે ૧૦૦૦ રૂપિયા જમા કરાવવા પડશે. IDFC બેંકે ૩૭૫ દિવસ અને ૪૪૪ દિવસ માટે અમૃત મહોત્સવ ફિક્સ્ડ ડિપોઝિટ સ્કીમ શરૂ કરી છે, જેમાં રોકાણ કરવાની છેલ્લી તક ૧૫ ઓગસ્ટ છે.

૩૭૫ દિવસની FD પર મહત્તમ વ્યાજ ૭.૬૦ ટકા છે. ૪૪૪ દિવસની FD પર મહત્તમ વ્યાજ ૭.૭૫ ટકા છે.

જો તમારી પાસે બેંકને લગતું કોઈ કામ હોય જે બ્રાન્ચમાં ગયા વિના પૂરું ન થાય તો તેને જલદી પતાવી લો, કારણ કે ઓગસ્ટમાં બેંકો કુલ ૧૪ દિવસ માટે બંધ રહેવાની છે.

### શિવસેનાના મુખપત્ર સામનામાં ભાજપ પર પ્રહાર

# ઈડી, સીબીઆઈ અને ઈન્કમટેક્સ ભાજપના સાચા સહયોગી : ઉદ્ધવ

## હું કોઈના દબાણની આગળ ઝુકતો નથી, હું કોઈની શરણમાં નહીં જઉ, હું જીતવા સુધી લડતો રહીશ : ઠાકરે

નવી દિલ્હી, તા. ૨૭

મહારાષ્ટ્રમાં થોડા દિવસો પહેલાં જ અજિત પવાર સહિત એનસીપી ધારાસભ્યોએ બળવો કરી શિંદે-ફડણવીસ સાથે ગઠબંધન કરી રાજકારણમાં હડકંપ બચાવી દીધો હતો... અજિત પવારે સત્તાધારી ટીમમાં સામેલ થઈ શરદ પવાર સામે દુશ્મનીભર્યું પગલું ભર્યું છે.

અજિત ટીમે રાજ્ય સરકારને સમર્થન આપ્યા બાદ દેશભરમાં મહારાષ્ટ્ર રાજકારણ ચર્ચાનો વિષય બની ગયો હતો. જોકે રાજકારણમાં વધુ ભડકો ત્યારે સામે આવ્યો જ્યારે અજિત પવાર સહિત તમામ ધારાસભ્યોએ શરદ પવાર સાથે મુલાકાત કરી અને તેમનો આશીર્વાદ મેળવ્યા... જોકે હવે મુખપત્ર ‘સામના'માં અજિત પવાર ટીમની શરદ પવાર સાથેની મુલાકાતનો ઉલ્લેખ કરાયો છે.

અજિત પવાર અને શરદ પવારની ભૂમિકા પર વિપક્ષી દળોએ પણ વાંધો ઉઠાવવાનું શરૂ કરી દીધું છે. દરમિયાન શિવસેના સાંસદ સંજય રાઉતે મુખપત્ર ‘સામના'માં આપેલા ઈન્ટરવ્યૂમાં આવો સવાલ પૂછ્યો... તો આ સવાલનો જવાબ ઉદ્ધવ ઠાકરેએ ખુબ જ ઉગ્રતાપૂર્વક આપ્યો... ઉદ્ધવ ઠાકરેને પૂછવામાં આવ્યું કે, શું મંત્રી પદની શપથ લેવી અને એનસીપીનાં ફાટા પાડ્યા બાદ શરદ પવારનો આશીર્વાદ લેવા ગયા હતા. તો ઠાકરેએ જવાબ આપતા કહ્યું કે, શિવસેના છોડનારા ગદ્દારોની મારી પાસે આવવાની હિંમત થઈ નથી.... તેઓમાં કોઈ સાહસ નથી... તે લોકો મારા સ્વભાવને જાણે છે... તેમણે એમ પણ કહ્યું કે, તેઓ સારી રીતે જાણે છે કે, શિવસેનાની વિચારધારા બાલાસાહેબની વિચારધારા છે.

ઉદ્ધવ ઠાકરેએ અજિત પવારની ટીકા કરતા કહ્યું કે, અજિત પવારનો અભિપ્રાય ખુબ જ ખરાબ છે, કારણ કે જેની પાસેથી આપણે બધુ લઈએ છીએ, તેમના વિશે આવા નિવેદન કરવા આપણી સંસ્કૃતિને અનુરુપ નથી... મને તેમનું નિવેદન ‘આશિર્વાદ કોના લેવા છે' પસંદ ન આવ્યું... ઠાકરેએ વધુમાં કહ્યું કે, જો તમે સંમત નથી તો કહો કે તમે શા માટે સંમત નથી. આ ઉંમરે પણ, મને વિશ્વાસ નથી કે, તમે તે લોકો સાથે આ રીતે વાત કરશો જેમણે તમને બધું આપ્યું... માત્ર અજિત પવાર જ નહીં, પરંતુ જે લોકો પોતાના સ્વાર્થ માટે જવા માંગે છે.

ઉપરાંત ઉદ્ધવ ઠાકરેએ મુખપત્ર ‘સામના'માં ખુલીને વાત કરતા જણાવ્યું કે, અમારા મગજમાં મસ્તી નહીં, આત્મવિશ્વાસ છે. આ જ આત્મવિશ્વાસ ૨૦૨૪માં તાનાશાહીને હરાવશે... ઈડી, સીબીઆઈ, ઈન્કમટેક્સ... આ જ ભાજપના સાચા સહયોગી પક્ષો છે...

તેમનો ડર દેખાડી વિરોધ પક્ષોને તોડવામાં આવી રહ્યા છે. આ સારા સંસ્કારના લક્ષણ નથી... આવું કહીને ઉદ્ધવ ઠાકરેએ દ્રઢતાપૂર્વક કહ્યું કે, હું કોઈના દબાણની આગળ ઝુકતો નથી.... હું કોઈની શરણમાં નહીં જઉ... હું જીતવા સુધી લડતો રહીશ... લોકતંત્ર હાઈજેક થઈ રહ્યું છે.... દેશને બચાવવા માટે જ ‘ઈન્ડિયા' ગઠબંધન તૈયાર થયું છે.

### સીકરમાં વડાપ્રધાનની મુલાકાત પર રાજકારણ

# વડાપ્રધાનની સીકર મુલાકાત પર કેન્દ્ર-રાજ્યના આરોપ-પ્રત્યારોપ

## રાજસ્થાનના મુખ્યમંત્રી ગેહલોતે મોદીના કાર્યક્રમમાં ત્રણ મિનિટના ભાષણ હટાવાયું હોવા અંગેની ફરિયાદ કરી

નવી દિલ્હી, તા. ૨૭

સીકરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પહેલા જ રાજસ્થાનમાં રાજકારણ ગરમાયું હતું. મુખ્યમંત્રી અશોક ગેહલોત અને વડાપ્રધાન કાર્યાલય વચ્ચે ટ્વિટર પર આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો હતો. ગેહલોતે પીએમ મોદીના કાર્યક્રમમાં ત્રણ મિનિટના ભાષણ હટાવાયાની ફરિયાદ કરી હતી. ટ્વિટર પર જ પીએમનું સ્વાગત કરતાં તેમણે પોતાની છ માંગણીઓ પણ મૂકી. જો કે, ટૂંક સમયમાં જ પીએમઓદ્વારા ગેહલોતના આરોપો પર જવા આપતા જણાવ્યું કે, સીએમઓઓફિસ રાજસ્થાન દ્વારા જ એવું કહેવામાં આવ્યું હતું કે, તેઓ હાજર રહી શકશે નહીં. ગેહલોતની ફરિયાદના જવાબમાં પીએમઓએ કહ્યું કે, પ્રોટોકોલ મુજબ, તમને આમંત્રણ આપવામાં આવ્યું હતું અને ભાષણ માટે એક સ્લોટ પણ આપવામાં આવ્યો હતો. પરંતુ સીએમઓઓફિસ તરફથી કહેવામાં આવ્યું કે, તમે આવી શકશો નહીં. પીએમઓએ એમ પણ કહ્યું કે, પીએમ મોદીના અગાઉના કાર્યક્રમોમાં પણ તેમને હંમેશા આમંત્રણ આપવામાં આવ્યું છે અને તેઓ આવે છે.પીએમઓએ એમ પણ કહ્યું હતું કે, તાજેતરની ઈજાને કારણે આવવામાં કોઈ મુશ્કેલી ન હોય તો તે આવી શકે છે. વડાપ્રધાન કાર્યાલયે કહ્યું કે, આજના કાર્યક્રમમાં તમારું પણ સ્વાગત છે. વિકાસના કામોની તકતી પર પણ તમારું નામ છે. જો તમારી તાજેતરની ઈજાને કારણે તમને આવવામાં વાંધો ન હોય તો તમારી હાજરી મહત્વપૂર્ણ રહેશે.

આ પહેલા મુખ્યમંત્રી અશોક ગેહલોતે ટ્વિટર પર પીએમ મોદીને ફરિયાદ કરી હતી કે, પીએમઓએ તેમના ભાષણની તક છીનવી લીધી છે. તેણે ટ્વીટ કર્યું, ’આજે તમે રાજસ્થાન આવી રહ્યા છો ત્યારે પીએમઓએ કાર્યક્રમમાંથી મારું પૂર્વ નિર્ધારિત ૩ મિનિટનું ભાષણ હટાવી દીધું છે, તેથી હું ભાષણ દ્વારા તમારું સ્વાગત કરી શકીશ નહીં, તેથી હું આ ટ્વિટ દ્વારા રાજસ્થાનમાં તમારું હાર્દિક સ્વાગત કરું છું. ગેહલોતે એમ પણ કહ્યું કે, રાજસ્થાન સરકાર ૧૨ મેડિકલ કોલેજોમાં પણ યોગદાન આપી રહી છે જેના માટે તેઓ ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવાના છે. ગેહલોતે ટ્વીટ કરીને પીએમ સમક્ષ પોતાની છ માંગણીઓ પણ મૂકી.

### મણિપુર હિંસા મુદ્દે વિપક્ષોનો સરકાર સામે અવિશ્વાસ પ્રસ્તાવ

# સરકારની શાન ઠેકાણે લાવવા જ અવિશ્વાસનો પ્રસ્તાવ લવાયો

## વિપક્ષની હાર નિશ્ચિત છતાં અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા સાંસદો સરકારની ખામીઓને પ્રકાશિત કરે એ માટે પ્રસ્તાવ લવાયો

નવી દિલ્હી, તા. ૨૭

દેશમાં પૂર્વી રાજ્ય મણિપૂર હિંસા મામલે સરકાર વિરુદ્ધ વિપક્ષી પાર્ટીઓ દ્વારા અવિસ્વાસ પ્રસ્તાવ લાવી છે. કોંગ્રેસ પાર્ટીના સભ્ય રંજન ગોગોઈ દ્વારા રજૂ કરાયેલા આ પ્રસ્તાવ પર ચર્ચા કરવા માટે મંજૂરી મળી છે. લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ તમામ પક્ષોના નેતાઓ સાથે વાત કર્યા બાદ આ અંગે ચર્ચાની તારીખની માહિતી આપશે. કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીએ ગઈકાલે સાંજે ગૃહમાં વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ અંગે મીડિયાને માહિતી આપી હતી.

સંસદીય લોકશાહીમાં કોઈપણ સરકાર માત્ર જ્યાં સુધી ચૂંટાયેલા સભ્યોની બહુમતી હોય ત્યા સુધી સત્તામાં રહી શકે છે. આપણા બંધારણની કલમ ૭૫(૩) મુજબ મંત્રી પરિષદ સામૂહિક રીતે લોકસભાને જવાબદાર છે. લોકસભાનો કોઈપણ સભ્ય ૫૦ સાંસદોનું સમર્થન મેળવીને કોઈપણ સમયે મંત્રી પરિષદ સામે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.

અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ મંજૂર થયા બાદ સંસદમાં તેની ચર્ચા થાય છે. અવિશ્વાસની દરખાસ્તને ટેકો આપતા સાંસદો સરકારની ખામીઓને પ્રકાશિત કરે છે અને ટ્રેઝરી બેન્ચ તેમના દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર પ્રતિક્રિયા આપે છે.લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા થયા બાદ મતદાન કરવામાં આવે છે. જો લોકસભાના બહુમતી સભ્યો સરકારની તરફેણમાં મતદાન કરે છે તો સરકાર જીતે છે અને સત્તામાં રહે છે. તેનાથી વિપરીત જો બહુમતી સાંસદો અવિશ્વાસની દરખાસ્તની તરફેણમાં મત આપે છે તો સરકાર પડી જાય છે.

કેન્દ્રમાં રહેલી ભાજપને વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમતી મળી હતી. ભાજપ પાસે ૩૦૩ સાંસદ છે જ્યારે એનડીએમળીને કુલ સાંસદોની સંખ્યા ૩૩૧ છે. વિપક્ષની વાત કરવામાં આવે તો ગઠબંધન પાસે ૧૫૦થી પણ ઓછા સાંસદો છે.

આ સાથે જો બીઆરએસ,વાયએસઆરકોંગ્રેસ અને બીજેડીના સાંસદોને જોડવામાં આવે તો પણ તેની સંખ્યા એનડીએકરતા ઓછી છે. આવી સ્થિતિમાં અવિશ્વાસ પ્રસ્તાવની નિષ્ફળતા નિશ્ચિત છે.

લોકસભામાં કોંગ્રેસના વ્હીપ મણિકમ ટાગોરે મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે આ વિચાર વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન આઈ.એન.ડી.આઈ.એનો છે. અમારું માનવું છે કે સરકારના ઘમંડને તોડવા અને તેને મણિપુરના મુદ્દા પર બોલવા માટે મજબૂર કરવા માટે આનો ઉપયોગ એક છેલ્લા હથિયાર તરીકે થવો જોઈએ. ભારતના ઈતિહાસમાં અત્યાર સુધીમાં ૨૭ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યા છે. મોદી સરકાર સામે છેલ્લો અવિશ્વાસ પ્રસ્તાવ જુલાઈ ૨૦૧૮માં આવ્યો હતો. આ પ્રસ્તાવ ખરાબ રીતે નિષ્ફળ ગયો હતો, જેમા એનડીએને ૩૨૫ વોટ મળ્યા જ્યારે વિપક્ષના પ્રસ્તાવને ૧૨૬ વોટ મળ્યા હતા. આ પહેલા વર્ષ ૧૯૬૩માં પંડિત નેહરુ વિરુદ્ધ દેશમાં પ્રથમ અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો.

આ પ્રસ્તાવ કોંગ્રેસના નેતા આચાર્ય ક્રિપલાની દ્વારા લાવવામાં આવ્યો હતો અને તેનો પરાજય થયો હતો. ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ૧૫ વખત અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો અને તે દરેક વખતે તેમની સરકાર બચાવવામાં સફળ રહી હતી.

### સરકારે એક વાયરસને લઈને એડવાઈઝરી જારી કરી

# સરકારે યુઝર્સ માટે ખતરનાક અકીરા રેન્સમવેર અંગે ચેતવણી આપી

નવી દિલ્હી, તા. ૨૭

સરકારે એક વાયરસને લઈને એડવાઈઝરી જારી કરી છે અને તેનાથી સાવચેત રહેવા જણાવ્યું છે. આ ખતરનાક રેન્સમવેરનું નામ અકીરા છે. આ યુઝર્સ માટે ખૂબ જ ખતરનાક સાબિત થઈ શકે છે. તેઓ યુઝર્સની અંગત વિગતોની ચોરી કરીને યુઝર પાસેથી પૈસાની માંગ પણ કરી શકે છે. જો પૈસા ન આપવામાં આવે તો યુઝર્સને અલગ-અલગ રીતે બ્લેકમેલ કરી શકાય છે. હેકર્સ આ ડેટાને ડાર્ક વેબ પર વેચી શકે છે. સરકારી એજન્સી ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે તાજેતરમાં એક એડવાઈઝરી જારી કરીને લોકોને ઈન્ટરનેટ પર આવતા નવા વાયરસથી સાવચેત રહેવા જણાવ્યું છે. આ વાયરસ પહેલા વિન્ડોઝ અને લિનક્સ સિસ્ટમ પર ચાલતી સિસ્ટમને ટારગેટ બનાવે છે.

એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે રેન્સમવેર ગ્રુપ વીપીએન સર્વિસ દ્વારા પીડિતના કોમ્પ્યુટરના ડેટાને એક્સેસ કરે છે. ખાસ કરીને જ્યાં મલ્ટિલેયર ઓથેન્ટિકેશન સક્ષમ ન હોય ત્યાં ડેટાની ઝડપી એક્સેસ પ્રદાન કરે છે. હેકર્સ હેકિંગ માટે એનિડેસ્ક, વિનરારઅને પીસીહંટર જેવા કેટલાક ખાસ ટૂલ્સનો પણ ઉપયોગ કરી શકે છે. આ ટૂલ્સની મદદથી ડિવાઈસની સંપૂર્ણ એક્સેસ મળી જાય છે, જેની મદદથી હેકર્સ ડિવાઈસને રિમોટલી એક્સેસ કરી શકશે.

પહેલા આ વાયરસ ઈન્ફેક્ટેડ ડિવાઈસમાંથી વિન્ડોઝ શેડો વોલ્યુમને ડિલીટ કરી નાખે છે. આ પછી કેટલીક ફાઈલોને કેટલાક એક્સટેન્શન સાથે ઈનક્રિપ્ટ કરે છે, જેમાં અકીરા એક્સ્ટેંશનનો સમાવેશ થાય છે.

અકીરા વાયરસથી રક્ષણ માટે તે જરૂરી છે કે યુઝર્સ બેસિક હાઈજીનનું ધ્યાન રાખે. પ્રોટેક્શન પ્રોટોકોલનું પણ પાલન કરે. યુઝર્સે ઓફલાઈન બેકઅપ પર પણ ધ્યાન આપવાની જરૂર છે. યુઝર્સ નિયમિતપણે ઓપરેટિંગ સિસ્ટમ અપડેટ કરતા રહે.

### સંસદના ચોમાસુ સત્રનો છઠ્ઠો દિવસ

# મણિપુર હિંસા મુદ્દે ઈન્ડિયાની બેઠક, સાંસદો કાળા કપડામાં હાજર રહ્યા

## આ બેઠક વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની ચેમ્બરમાં થઈ, વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ ઉપર રણનીતિ બનાવી

નવી દિલ્હી, તા. ૨૭

સંસદમાં ચાલી રહેલા ચોમાસુ સત્રનો આજે છઠ્ઠો દિવસ છે. સંસદના બંને ગૃહોમાં મણિપુર હિંસા પર વિપક્ષ દ્વારા સરકાર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન વિપક્ષી મહા ગઠબંધન ઈન્ડિયાએ આજે એક મહત્વની બેઠક બોલાવી હતી.

વિરોધ પક્ષોના સાંસદો કાળા કપડા પહેરીને બેઠકમાં હાજર રહ્યા હતા. વિપક્ષી સાંસદોએ મણિપુર પર ચર્ચાની મંજૂરી ન આપવા અને અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા શરૂ ન કરવા બદલ કેન્દ્ર સરકારના વિરોધમાં કાળા કપડા પહેર્યા હતા.

આ બેઠક વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેની ચેમ્બરમાં થઈ હતી. મળતી માહિતી મુજબ બેઠકમાં વિપક્ષે અવિશ્વાસ પ્રસ્તાવ પર પોતાની રણનીતિ બનાવી. વિપક્ષ સરકાર પાસેથી અવિશ્વાસ પ્રસ્તાવ પર તાત્કાલિક ચર્ચાની માંગ કરશે. મણિપુરમાં ૩ મેથી ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં ૧૬૦થી વધુ લોકોના મોત થયા છે. મણિપુર હિંસા અંગે બંને ગૃહોમાં હોબાળો ચાલી રહ્યો છે. વિપક્ષની માંગ છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદન સાથે આ મુદ્દે વિસ્તૃત ચર્ચા થવી જોઈએ. જ્યારે સરકાર ગૃહમંત્રી અમિત શાહના નિવેદન સાથે ચર્ચા કરવા માંગે છે. આવી સ્થિતિમાં ગઈકાલે કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગાઈએ લોકસભામાં અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી હતી. સ્પીકર ઓમ બિરલાએ તેનો સ્વીકાર કર્યો છે. જો કે આ અંગે ચર્ચા માટે આગામી સપ્તાહનો સમય નક્કી કરવામાં આવ્યો છે.

### સંસદના બંને ગૃહમાં મણિપુરના મુદ્દે ધાંધલ જારી

# દિલ્હી બિલ વિરુદ્ધ મતદાનના બિલથી રાજ્યસભાના ઉપસભાપતિ દુવિધામાં

નવી દિલ્હી, તા. ૨૭

સંસદના બંને ગૃહોમાં મણિપુર મુદ્દે હજુ હોબાળાની સ્થિતિ યથાવત્ છે. વિપક્ષે આજે કાળા કપડાં પહેરીને તેના તીખા મિજાજ બતાવી દીધા છે જ્યારે લોકસભાની કાર્યવાહી ભારે હોબાળાને પગલે સ્થગિત કરી દેવામાં આવી હતી.

આ દરમિયાન એવા અહેવાલ છે કે કેન્દ્ર સરકાર દિલ્હીના અધિકારો સંબંધિત વટહુકમને સંસદમાં રજૂ કરી શકે છે. તેના લીધે તમામ વિપક્ષી દળોએ પણ કમર કસી લીધી છે.

ઈન્ડિયાગઠબંધનમાં સામેલ તમામ પક્ષોએ વ્હિપ જારી કર્યો છે. તેમાં જેડીયુએ પણ મોનસૂન સત્ર માટે પાર્ટીના રાજ્યસભા સાંસદોને દિલ્હી સંબંધિત બિલ વિરુદ્ધ મતદાન કરીને પાર્ટીના વલણનું સમર્થન કરવા માટે વ્હિપ જારી કર્યું છે. જેના કારણે રાજ્યસભાના ઉપસભાપતિ અને જેડીયુ સાંસદ હરિવંશ નારાયણ સિંહ દુવિધામાં ફસાયા છે. તેમને પણ આ વ્હિપ લાગુ પડે છે. તેમના કાર્યાલયે પણ આ મામલે વ્હિપ મળ્યાની પુષ્ટી કરી છે. તાજેતરમાં હરિવંશ અનેક અવસરે પાર્ટીથી અલગ ચાલતા દેખાયા હતા જેના બાદ તેમની અને પાર્ટી વચ્ચે મતભેદના અહેવાલ આવ્યા હતા. જોકે હવે જોવાનું એ રહેશે કે તેઓ કોની તરફેણમાં વોટ કરે છે. રાજ્યસભામાં જેડીયુના મુખ્ય સચેતક અનિલ હેગડેએ કહ્યું કે જ્યારે પણ મહત્ત્વપૂર્ણ બિલ આવે છે તો ન ફક્ત જેડીયુ પણ તમામ પક્ષો તેમના સાંસદોને વ્હિપ જારી કરે છે. તેમણે કહ્યું કે અમે અમારી પાર્ટીના સાંસદોને વ્હિપ જારી કર્યો છે. અમે હંમેશા આવું કર્યું છે.

### મોટા ભંડારીયાની નવોદય વિદ્યાલયમાં પત્રકાર પરિષદ યોજાઈ

# ભારતને વિકસિત દેશ બનાવવા નવી શિક્ષણ નીતિ ખુબ ઉપયોગી બનશે

## નવી શિક્ષણ નીતિનાં હકારાત્મક પાસાનું વર્ણન કર્યુ




અમરેલી તા.૨૭

નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના ત્રણ વર્ષ પૂર્ણ થવાના અવસરને ધ્યાનમાં રાખીને અમરેલી નજીક આવેલ મોટા ભંડારીયા ખાતે જવાહર નવોદય વિદ્યાલય ખાતે પ્રેસ પરિષદ યોજાઈ હતી.જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય, આઈટીઆઈના આચાર્ય, તથા નાયબ જિલ્લા શિક્ષણાધિકારીએ નવી શિક્ષણ નીતિ વિશે મીડિયાના મિત્રો સાથે વાર્તાલાપ કર્યો હતો.

જવાહર નવોદય વિદ્યાલયના આચાર્ય વિજયકુમારે મીડિયાના મિત્રોને જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શ્રેષ્ઠ ભારત, સમર્થ ભારતના સંકલ્પને આ નીતિ સાર્થક કરાવશે. નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્તિ અપાવીવિદ્યાર્થીઓ ક્રિએટિવ દિમાગે અભ્યાસ કરી શકે તેવી વ્યવસ્થાઓ કરવામાં આવી છે અને છેલ્લા ૩ વર્ષમા આ નીતિના હકારાત્મક પરિણામો મળી રહ્યા છે. વર્ષ–૨૦૩૦ સુધીમાં ધો–૧ થી ૧૦માં ૧૦૦ ટકા નામાંકન થાય તેવો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાલમાં ૧૦+૨+૩ મુજબ શૈક્ષણિક માળખાનું વર્ગીકરણ છે. તેને હવે ૫+૩+૩+૪ મુજબ અમલી બનાવવામાં આવ્યું છે. ઉપરાંત શાળાના વાતાવરણમા બાળકો સરળતાથી ભળી જાય તે માટે તેમને ત્રણ વર્ષ થયાથી બાલ વાટિકામાં પ્રવેશ આપવામાં આવશે. આમ, બાળક ૬ વર્ષનું થયા પછી ધો–૧માં પ્રવેશ આપવામાં આવશે.

વિદ્યાર્થીઓ, ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, વાર્તા અન્ય શૈક્ષણિક ઉપકરણોનો મહત્તમ ઉપયોગ, ટેકનિકલ શિક્ષણ આપવાની સાથે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે આત્મીયતા વધે તે માટે આ નીતિ મહત્વની છે. ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાની રૂચી મુજબના વિષયોનો અભ્યાસ કરી શકે તેની પણ છૂટ આપવામાં આવી છે. ભવિષ્યમાં જે ક્ષેત્રમાં તક રહેલી છે, તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વગેરે જેવી બાબતોના કૌશલ્યો વિદ્યાર્થીઓ શીખી શકે તેને આ શિક્ષણનીતિ હેઠળ વણી લેવામાં આવ્યાં છે.

આમ, નવી શિક્ષણ નીતિમાં કૌશલ્યવર્ધન પર ભાર આપવામાં આવ્યો છે.ડિગ્રીને મહત્વ નહીં પરંતુ સ્કિલ એટલે કે આવડત પર ભાર મૂકવામાં આવ્યું છે. જેથી બેરોજગારીની સમસ્યા પણ હલ થશે. ઉપરાંત વિદ્યાર્થીઓ હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક ભાષામાં પણ શિક્ષણ મેળવી શકશે.

હાલમાં નવી શિક્ષણ નીતિને કેન્દ્રીય વિદ્યાલયો અને નવોદય વિદ્યાલયમાં લાગુ કરવામાં આવી છે. જેને તબક્કાવાર રાજયસ્તરે પણ લાગુ કરવામાં આવશે. જો કે, નવી શિક્ષણ નીતિની અમુક બાબતોની અમલવારી થઈ ચૂકી છે તેમ અંતમાં જણાવ્યું હતું.

### રાજપરા પરિવારનું પ્રેરણાદાયી કાર્ય

# ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલને ચાંદલાની રકમ અર્પણ કરવામાં આવી

## પરિવારમાં યોજાયેલ લગ્નપ્રસંગનાં ચાંદલાની રકમ અર્પણ



ટીંબી, તા. ૨૭

સ્વામીશ્રી નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલ, ટીંબી(જી. ભાવનગર)માં ચાલતા તદ્દન નિઃશુલ્ક આરોગ્યલક્ષી સેવાકાર્યથી પ્રભાવિત ઢસાના વતની અને દાતાશ્રી કનુભાઈ તથા રમેશભાઈ તથા મુકેશભાઈ વાઘજીભાઈ રાજપરા(સોનલ જીનીંગ ફેકટરી)એ દર્દીનરાયણનાં સેવાયજ્ઞમાં સહભાગી થવાનાં શુભશયથી ચિ. વિગેશ સંગ ચિ. વિધિનાં શુભલગ્ન પ્રસંગે આવેલ ચાંદલાની રકમ એક લાખ અગિયાર હજાર એકસો અગીયાર પુરાનાં અનુદાનનો ચેક હોસ્પિટલનાં ઉપપ્રમુખ–જગદીશભાઈ ભીંગરાડિયા, મંત્રી બી.એલ. રાજપરા, ખજાનચી–લવજીભાઈ નાકરાણી અને ટ્રસ્ટી–હિરાભાઈ નાકરાણીને અર્પણ કરી આજની યુવાપેઢીને એક અનુકરણીય દાખલો બેસાડેલ છે. તેઓને હોસ્પિટલનાં પ્રણેતા સદ્‌ગુરૂદેવ સ્વામી શ્રી નિર્દોષાનંદ સરસ્વતીજી મહારાજનાં 'જીવનચરિતામૃત' ગ્રંથ અને શાલ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવેલ. હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે ચિ. વિગેશ સંગ ચિ. વિધિ અને તેમનાં પરિવારજનોનો હૃદયપૂર્વકનો આભાર વ્યકત કરે છે.

### ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે ૪ ઓગસ્ટ, ૨૩ સુધીમાં રજીસ્ટ્રેશન

# અમરેલી : ટ્રાન્સપોર્ટ વાહનની નવી સીરીઝ જીજે ૧૪ AT ૦૦૧ થી ૯૯૯૯ માટે ઈ–ઓકશન

## રિ–ઓકશનનું પરિણામ તા. ૬ ઓગષ્ટ, ૨૦૨૩નાં રોજ પ્રસિદ્ધ થશે

અમરેલી, તા. ૨૭

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અમરેલી કાર્યક્ષેત્રના તમામ ટ્રાન્સપોર્ટ ધારકો માટેની નવી સીરીઝ જીજે ૧૪ એટી 0001 થી ૯૯૯૯ માટે ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે વાહન માલિકોએ નીચે મુજબની પ્રક્રિયા અનુસરવી. આ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન તા.૦૨ ઓગસ્ટથી તા.૦૪ ઓગસ્ટ, ૨૦૨૩ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી કરી શકાશે.

ઈ–ઓકશનમાં બિડીંગ કરવાનો સમયગાળો તા.૦૪ ઓગસ્ટ થી તા.૦૬ ઓગસ્ટ, ૨૦૨૩ સાંજે ૪.૦૦ વાગ્યા સુધી રહેશે.

આ ઉપરાંત ઈ–ઓકશનનું પરિણામ તા.૦૬ ઓગસ્ટ, ૨૦૨૩ રોજ પ્રસિદ્ધ થશે. ઓનલાઈન ઓકશનમાં ભાગ લેવા માટે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી કરાવવી ફરજિયાત છે. પસંદગીના નંબર મેળવવા માટે ઉપર મુજબ લિંક પર નોંધણી યુઝર આઈ–ડી અને પાસવર્ડ તૈયાર કરી, ઉપર મુજબ તારીખોમાં બીડીંગ કરવાનું રહેશે. વાહન ખરીદીના ૭ દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારોએ હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૦૫ દિવસમાં નાણા જમા કરાવવા.

અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરી વાર હરાજી કરવાની રહેશે. ઓનલાઈન ઓકશન દરમિયાન અરજદારે આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ચાર્જ ચૂકવવો.

આ હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા વાહન માલિકોને સફળ માનીને બાકીનાં નાણા ૦૫ દિવસમાં ભરવા માટે એસ.એમ.એસ. અને અથવા તો ઈ–મેઈલથી જાણ કરવામાં આવશે. નાણા હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે પરત કરવાના રહેશે.

એટલે કે, નેટ બેંકિંગ, ક્રેડીટકાર્ડથી ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારનાં તે જ ખાતામાં એસ.બી.આઈ. ઈ–પેમેન્ટ દ્વારા પરત કરવામાં આવશે. આ હેતુ માટે ઓનલાઈન એમ.આઈ.એસ. અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી બેંકને જાણ કરવી.


સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી અમરેલીના જણાવ્યાં મુજબ ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો 'યુ–ટયૂબ' માં ઈ–ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી વીડિયો જોઈ શકાશે.

વધુમાં ઈનવોઈસ અને વીમાની તારીખ બેમાંથી જે વહેલાં હોય તે તારીખથી સાત દિવસ થતાં હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી માટે કચેરીના હેડ કલાર્કનો સંપર્ક કરવા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીની એક યાદીમાં જણાવવામાં

# ૨૮ જૂલાઈ, વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ

## પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ



જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર જન કલ્પના અને કુદરતની કલ્પના કરવી અશકય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જયાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૮ જુલાઈએ વિ પ્રકૃતિ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને કયારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરૂણા અનુભવી શકતા હોઈએ છીએ.

ખેર, આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં, વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તાબનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.

વિ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વાર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

– જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.
– પાણીનો બગાડ ન કરવો જોઈએ.
– જળ પ્રદૂષણ, વાયુ પ્રદૂષણ, જમીન પ્રદૂષણ, પ્રવનિ પ્રદૂષણને ઘટાડવાનો પ્રયાસ કરવો જોઈએ.
– પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળીને કાપડની થેલીઓનો ઉપયોગ કરવો જોઈએ.
–વીજળી, પેટ્રોલ – ડીઝલ બચાવવું જોઈએ.
– કુદરત સાથે સકારાત્મક સંબંધ ધરાવતી ટેકિનકસ તથા એસેસરીઝનો ઉપયોગ કરવો જોઈએ. – જેમ કે, ખેતરમાં ફર્ટીલાઈઝરની જગ્યાએ જૈવિક ખાતરનો ઉપયોગ કરો.
– શાકાહાર અપનાવવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### આર્કટિક સમુદ્રમાં રહેતી બોહેડ વ્હેલ ૨૦૦ વર્ષથી વધુ જીવી શકે છે

# પૃથ્વી પર સૌથી લાંબુ આયુષ્ય ધરાવતા ૬ જીવો

## પૃથ્વી પર જન્મેલા દરેક જીવનું મૃત્યુ નિશ્ચિત છે, પરંતુ તમને જાણીને નવાઈ લાગશે કે કેટલાક જીવ એવા છે જે સદીઓથી જીવે છે

નવી દિલ્હી, તા.૨૭

દુનિયામાં ઘણા એવા જીવો છે, જેમની ઉંમર ઘણી લાંબી છે. આર્કટિક સમુદ્રમાં રહેતી બોહેડ વ્હેલ ૨૦૦ વર્ષથી વધુ જીવી શકે છે. અત્યાર સુધી સૌથી લાંબી જીવતી વ્હેલ ૨૧૧ વર્ષ જીવતી હતી. ધનુષ્યના સૌથી નજીકના સંબંધી, મિંક વ્હેલ, ૬૦ વર્ષ સુધી જીવી શકે છે.

ગાલાપાગોસ જાયન્ટ કાચબો સરેરાશ ૨૦૦ થી ૨૫૦ વર્ષ જીવે છે. ૨૦૦૬માં અદ્વૈત નામના મેલ ટર્ટલનું ૨૨૫ વર્ષની વયે અવસાન થયું હતું. આજે ફક્ત ૧૫,૦૦૦ જંગલી જ બચ્યા છે. ગાલાપાગોસ કાચબો સાત ગાલાપાગોસ ટાપુઓ પર રહે છે અને ઘણીવાર પ્રવાસીઓ તેમની મુલાકાત લે છે. જો કે, કેટલાકનો અંદાજ છે કે વિશાળ કાચબો ૪૦૦ થી ૫૦૦ વર્ષ સુધી જીવી શકે છે. કોઈ કાર્પ માછલી નાની પણ પાળેલી માછલી છે. તે સામાન્ય રીતે સુશોભન માટે વપરાય છે. આ પ્રજાતિની અત્યાર સુધીની સૌથી જૂની માછલી જાપાનમાં મળી હતી, જેનું મૃત્યુ ૧૭૭૭માં થયું હતું. ત્યારે તેમની ઉંમર ૨૨૬ વર્ષ૭ની૭ હતી. આ માછલીની કિંમત સાંભળીને તમે ચોંકી જશો. થોડા વર્ષો પહેલા કોઈ કોર્પ ૧.૮ મિલિયન ડોલરમાં વેચાઈ હતી. એન્ટાર્કટિક સ્પોન્જે તેના લાંબા આયુષ્યને કારણે ગિનીસ બુકમાં તેનું નામ નોંધાવ્યું છે. તેઓ ૨૦૦ મીટરની ઊંડાઈએ ખૂબ જ ઠંડા પાણીમાં જોવા મળે છે, જ્યાં સૂર્યપ્રકાશ પણ પહોંચી શકતો નથી. તે ખૂબ જ ધીમે ધીમે વધે છે.

એવું માનવામાં આવે છે કે તેમની ઉંમર ૫૦૦૦ વર્ષથી ૧૫૦૦૦ વર્ષ સુધીની હોઈ શકે છે. ગ્રીનલેન્ડ શાર્ક આર્કટિક મહાસાગરમાં ઊંડા પાણીની નીચે જોવા મળે છે. તે શાર્કની એકમાત્ર પ્રજાતિ છે જે ૭ થી માઈનસ ૨૨ ડિગ્રી સુધીની આર્કટિક આબોહવાને સહન કરી શકે છે. આ ફુટ લાંબા પ્રાણીઓ ૧૫૦ થી ૨૦૦ વર્ષ સુધી જીવે છે.

આમાંથી કોઈપણ શાર્કનું સૌથી લાંબુ આયુષ્ય ૩૯૨ વર્ષ હતું. **Turritopsis dohrnii** એ જેલીફિશ છે અને પૃથ્વી પરનું અમર પ્રાણી માનવામાં આવે છે. તેના શરીરમાં મગજ અને હૃદય નથી. જીવવિજ્ઞાનીઓના મતે તે ક્યારેય વૃદ્ધ થતો નથી અને મરતો નથી. ચોક્કસ ઉંમર પછી, તે ફરીથી યુવાન થવાનું શરૂ કરે છે અને પછી તેની મૂળ સ્થિતિમાં આવે છે.

### ટ્રાફિક નિયમનની જનજાગૃતિ અર્થે

# અમરેલીનાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા મહિલા વાહન ચાલકોને પત્રિકા વિતરણ

## ટ્રાફિકનાં નિયમોનું સખ્ત પાલન કરવા સૂચન





અમરેલી, તા. ૨૭

અમરેલી જીલ્લા અધિક્ષક હિમકરસિંહની સુચનાથી પોલીસ ઈન્સ. કે.સી. પારગી તથા મહિલા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા રોડ ઉપર વાહન ચલાવતી મહિલાઓને ટ્રાફિક અવેરનેસ બાબતે મહિલા વાહન ચાલકોને ગુલાબનું ફૂલ આપી તથા પેમ્પ્લેટ આપીને ટ્રાફીકના નિયમોનું સખ્ત પાલન કરવા અંગે સમજૂતી આપવામાં આવેલ હતી. જેમાં વાહન ચાલક બહેનોએ ઓવર સ્પીડમાં વ્હિકલના હંકારવું, રોંગ સાઈડમાં વાહન ન ચલાવવું, ડ્રાઈવીંગ દરમ્યાન મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, અવ્યવસ્થિત પાર્કિંગ ન કરવું, હેલ્મેટ પહેરી રાખવું તેમજ ફોર વ્હીલર ચલાવતી બહેનોને સીટ બેલ્ટ અવશ્ય બાંધવો વિગેરે બાબતે સમજૂતી આપી અને ટ્રાફીક નિયમ ભંગનો દંડ આપવાના બદલે ગુલાબનુ ફુલ તથા ટ્રાફીક નિયમન અંગેના પેમ્પ્લેટ આપવામાં આવેલ હતાં.

### દર્દીનારાયણની અનેરી સેવા કરી રહ્યા છે

# લીલીયા : ગુંદરણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં મેડિકલ ઓફિસરની શ્રેષ્ઠ કામગીરી

## આરોગ્ય કેન્દ્રની ઓપીડીમાં ૩ ગણો વધારો થયો

અમરેલી, તા.૨૭

લીલીયા તાલુકાનાં ગુંદરણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનાં મેડિકલ ઓફિસર (આયુષ) નેહાબેન પીપળીયા ખુબ જ સારી કામગીરી કરી રહયા છે. જે સરાહનીય છે.

ખાસ તો પાયાની કામગીરી એવી "એએનસી" ની અર્લી રજીસ્ટ્રેશન અને તપાસ સમયસર અને નિયમિત કરે છે. તેઓનાં આ બહોળા અનુભવનો લાભ ગ્રામિણ "એએનસી" મહિલાઓ મેળવી રહી છે. તેથી માતા અને બાળ મરણ અટકેલ છે. જે સેવા એક લાભાંન્વીત પરિવાર માટે આર્શીવાદરૂપ છે.

તેઓનાં ગુંદરણ "પીએચસી" ઉપર ફરજ ઉપર આવ્યા પછીનાં સમયમાં "ઓપીડી" માં અગાઉ કરતા ત્રણ ગણા વધુ દર્દીઓ ધસારો જોવા મળે છે. જે મેડિકલ ઓફિસરની લોકપ્રિયતા દર્શાવે છે.

ખાસ તો આ મોંઘવારીના સમયમાં પ્રાઈવેટ દવાખાનામાં સારવાર મેળવવી મોંઘી હોય છે. ત્યારે તેઓની આ અવિરત આરોગ્ય સેવાથી ગામડાનાં ગરીબ અને મધ્યમવર્ગ માટે આર્શીવાદરૂપ છે.

મેડિકલ ઓફિસર ગુંદરણ દ્વારા તેઓ આરોગ્ય સેવામાં દવાઓ અને રસીકરણ સહિતની વિવિધ સેવાનો લાભ દર્દીઓ સુધી સમયસર પહોંચાડીને સરકારશ્રીનાં આરોગ્ય લક્ષી અભિગમને સાર્થક કરેલ છે.

તેઓ એક જાગૃત અને ઉત્સાહી મેડિકલ ઓફિસર હોય તેમનાં માર્ગદર્શન હેઠળ મિશન સમાર્ટ "પીએચસી" સમાર્ટ આશાવર્કર અને સમાર્ટ સબ સેન્ટર કરવા તરફ આગળ વધી રહયા હોય. તેઓનાં આ અભિગમથી ગુંદરણ "પીએચસી" હેઠળનાં ૨૦ જેટલા ગામો દર્દીઓ અને આયુષ્યમાન ભારતનાં લાભાર્થીઓને ત્વરીત અને ઝડપી લાભાંન્વીત સેવાઓ મળી રહી છે.

મેડિકલ ઓફિસર ગુંદરણ તેઓ દ્વારા સરકારની આયુષ્યમાન ભારત "જેએસવાય – કેપીએસવાય" સહિતની વિવિધ યોજનાઓનો લાભ ગામડાનું છેલ્લા માણસ સુધી પહોંચે તે માટે સતત કાર્યરત હોય છે.

પોતાની "ઓપીડી" દરમ્યાન કોઈ નાગરિક આરોગ્ય સેવાથી વંચીત ન રહી જાય તે માટે – દિવસ દરમ્યાન પોતાનાં ઘરેથી નોકરી ઉપર જમવા માટે લાવેલું ટીફીન આરોગ્ય સેવામાં સતત ઓતપ્રોત રહેવાથી જમ્યાવગર પરત ઘરે લઈ જતા હોય છે. તેવા આ કાર્યદક્ષ, નિડર, બાહોશ, સેવાભાવીની કામગીરીથી સૌ પ્રભાવિત છે.

### મહિલાઓ રાજાશાહી વખતથી આ કામની પરંપરા જળવાઈ રહી છે

# એકમાત્ર એવું ગુજરાતનું રેલવે સ્ટેશન જ્યાં મહિલાઓ કરે છે કુલીનું કામ

## ભાવનગર રેલવે સ્ટેશન પર અંદાજે ૧૩ મહિલાઓ કુલી તરીકે કામ કરી રહી છે, જેમાં ઘણી મહિલાઓ એવી પણ છે જેમની પાસે કુલીનું બેઝ પણ છે

અમદાવાદ, તા.૨૭

છેલ્લા ઘણા વર્ષોથી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભાવનગર રેલ ટર્મિનલમાં ઘોડાગાડી અને ત્યારબાદ ઓટો રિક્ષાઓએ સ્થાન લીધું હતું.

ભાવનગરમાં રેલવેની શરૂઆત ભાવનગર રાજયના મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ કરેલી છે. આ રેલવે સ્ટેશન પર રાજવી કાળથી મહિલાઓને કુલી તરીકે રોજગાર મળી રહે તે હેતુથી રાખવામાં આવેલા છે. આ મહિલા કુલીઓ માટે બેઝની વ્યવસ્થા કરી આપી હતી.

બેઝ તરફથી પછીની પેઢી પણ રોજગારી મેળવી પરંપરાને જાળવી રાખી હતી અને આજ દિન સુધી આ પરંપરા ચાલી રહી છે. ભાવનગર રેલવે સ્ટેશન કે જ્યાં અસંખ્ય રેલ મુસાફરો આવન-જાવન કરતા હોય છે.

આ રીતે ચાલી આવતું કામ વર્ષોથી ભાવનગરના રેલવે સ્ટેશન પર મહિલા કુલીઓ દ્વારા મજુરી કામ ચાલતું આવ્યું છે. લાખો મુસાફરોના સામાનને આ મહિલા કુલીઓ રેલવે પ્લેટફોર્મ પરથી લઈ ઓટો રીક્ષા સુધી યથા યોગ્ય રીતે પહોંચાડી આપે છે. આ ભાવનગર શહેરના રેલવે સ્ટેશને કુલી તરીકે કાર્યરત મહિલાઓ ભાવનગરની એક અનોખી ઓળખ છે. આ ઓળખને અકબંધ રાખવા ભાવનગરની મહિલાઓ કટિબદ્ધ હોય તેમ આ મહિલાઓ રાજાશાહી વખતથી આ કામની પરંપરા જળવાઈ રહી છે.

ભાવનગર રેલવે સ્ટેશન પર ખાસ કરીને સાપ્તાહિક ટ્રેન આવે અને જાય ત્યારે ખાસ મજૂરી મળી રહેતી હોય છે. આ સ્ટેશન પર એવી પણ મહિલાઓ છે જેમને પહેલાના સમયમાં ૨૫ પૈસા, ૫૦ પૈસા અને એક રૂપિયામાં પણ મજૂરી કામ કરી ગયેલ છે. આજના સમયમાં સ્ટેશન પર કુલી તરીકે કામ કરતી મહિલાઓને ૩૦થી ૪૦ રૂપિયા મજૂરી મુસાફરો પાસેથી મળી રહે છે. આજે ૩૦થી ૪૦ રૂપિયા સુધીની મંજૂરી મેળવીને આ કુલી મહિલાઓ પોતાના પગભર છે.

કોઈ દિવસ અપૂરતી મજૂરી મળતી હોવા છતાં પણ નિરાશ થયા નથી. આ ઉપરાંત રેલવે સ્ટેશન પર કામ કરતી મહિલા કુલી તરફથી માનવતાના દર્શન પણ નજરે પડે છે.

કોઈ પરિવાર પાસે કુલીને આપવાના પૈસા પૂરતા ન હોય તો તે જે પૈસા મજૂરી પેટે આપે તે લઈ ખુશ થઈ જાય છે. જેમાં ૪ મહિલા તો એવા છે જે ૩૦-૪૦ વર્ષથી કુલીનું કામ કરીને પોતાના પરિવારનું જીવન નિર્વાહ ચલાવી રહી છે. આ મહિલાઓ એક ખાસ આદિજાતિ એટલે કે, ભોય તરીકે જાતિના આ લોકો રજવાડાના સમયથી કામ કરતા રહ્યા છે.

ભાવનગર રેલવે સ્ટેશનની મહિલા કુલી તરીકે કામ કરતી આ મહિલાઓની એક માંગ સરકાર પાસે છે કે, હાલમાં મોટાભાગના મહિલા કુલીઓ પાસે બેઝ નથી. તેમને આ બેઝ માટે મુખ્યમંત્રી સુધી પણ પોતાની રજૂઆત અગાઉ કરવામાંઆવી હતી પરંતુ હજી સુધી આ કુલી મહિલાઓને બેઝ મળ્યા નથી. તેમજ ભાવનગર રેલવે સ્ટેશન પર માત્ર એક મુંબઈ જતી લાંબા અંતરની ટ્રેન બાંદ્રા એક જ હોવાથી મુસાફરોની સંખ્યા ઓછી જોવા મળે છે. તેથી તેમણે મજૂરી પણ ઓછી મળે છે.

# અમરેલીની ગજેરા વિદ્યાસભા સ્કૂલમાં ''હિપેટાઈટિસ ડે'' નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો









અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના સંયુકત ઉપક્રમે ડાયરેકટર પેથાણી વસંતભાઈના માર્ગદર્શન તળે બ્લડ ડોનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાસભા સંસ્થા આવી માનવતાલક્ષી પ્રવૃત્તિમાં હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે તારીખ ૨૮ જુલાઈ હિપેટાઈટિસ ડે અનુસંધાને શાળા અને હોસ્ટેલ સુપરવાઈઝરો, પ્રિન્સિપાલો તેમજ ટીચિંગ, નોન ટીચિંગ સ્ટાફ પોતાની ઉમદા ફરજ સમજીને માનવતાના કાર્યમાં રકતદાન મહાદાન કરી પોતાનું યોગદાન આપ્યું હતું. તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ ડાયરેકટર પેથાણી વસંતભાઈ દ્વારા બ્લડ ડોનેટ કરનારને અભિનંદન પાઠવ્યાં હતાં.

### જાગૃત નાગરિકે નારાજગી વ્યકત કરી

## લીલીયાનાં ભુર્ગભગટરનો પ્રશ્ન માથાનાં દુ:ખાવારૂપ બનતા આંદોલનની ચીમકી

### ગામજનોને સહકાર આપવા અનુરોધ થયો

લીલીયા, તા. ૨૭

લીલીયા મોટા ખાતે ગટરનાં ગંભીર મુદે જેમાં સાઈનાથ પ્લોટ વેલનાથ પ્લોટ મફત પ્લોટ આદર્શ સોસાયટી સિવિલ વિસ્તાર મફત પ્લોટ નાવલી બજાર સહિતનાં વિસ્તારોમાં ગટરનો ગંભીર પ્રશ્ન હોય જે બાબતે લાગુ પડતી તમામ કચેરીઓને અનેકવાર લેખિત રજુઆત કરવામાં આવેલ હોય તેમ છતાં આ નિંભર તંત્રના પેટનું પાણી પણ ન હલતુ હોય ત્યારે ના છુટકે ગાંધી



ચિંધ્યા માર્ગે આવનાર તા.૧/૮/૨૦૨૩ ના રોજ લીલીયાનાં સામાજિક કાર્યકર એડવોકેટ સંજય બગડા દ્વારા લીલીયા તાલુકા પંચાયત કચેરી સામે ઉપવાસ આંદોલન પર બેસવા માટેની પરમિશન મામલતદાર પાસે માંગવામાં આવેલ અને તારીખ ૧ થી આ આંદોલનની શરૂઆત કરાશે સાથે લીલીયાનાં ગટર પીડિત લોકો પણ આંદોલનમાં બેસવા માટે સમર્થન આપેલ છે. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **ભારે વરસાદથી જગતાત ચિંતામાં**

હજાર હેક્ટરમાં વાવેતર થયેલું હોય ને શરૂઆતના વરસાદથી જગતના તાત ગેલમાં આવી ગયેલા હતા ને વર્ષ સોળ આની થાય તેવી આશાઓ ઉજજવલ બની ગઈ હતી. પણ એકધારા વિરામ વગરના વરસાદથી હાલ કપાસ અને મગફળી સહિતના ખેતીપાકોની સ્થિતિ પીળા પડી જવા અને લીલો દુષ્કાળ પડે તેવી સ્થિતિ નિર્માણધિન થતી જોવા મળ તા ખેડૂતો જાયે તો જાયે કહાં જેવી ઊભી થઈ છે.

અમરેલી જિલ્લાનાં યુનુસ રાઠોડ નામના ખેડૂતે કપાસના વાવેતર બાદ એક માસથી પડતા વરસાદથી ભીનો કાળ પડે તેવી સ્થિતિ છે. તો ગુલાબભાઈ સાયરા નામના ખેડૂતે ૧૫ વિઘામા કપાસ, મગફળીનું વાવેતર કરીને ૨૨૦૦ના ભાવના બિયારણ વાવેતર કરીને જે હાલ વરસાદથી કપાસના અને મગફળીના છોડ પીળા પડી ગયા છે ને હવે મેઘરાજા ખમૈયા કરો તેવી પ્રાર્થના કરી રહ્યા છે.

એકધારો વરસાદ ખેતીપાક પર પડવાથી હાલ ખેતીપાકો વરાપ વગર નષ્ટ જવાની ભિતી વચ્ચે વિરમ ભરવાડના ખેતરો પણ પાણીમાં રસ્કાબોળ જોવા મળી રહ્યા છે. હવે વરસાદ થભશે તોજ ખેતીપાક સલામત રહેશે નહિતર લીલો દુષ્કાળ પડવાની શકયતાઓ વધુ પડતી સર્જાઈ તેવું જોવા મળી રહ્યું છે.

એક તરફ વરસાદની રમઝટ વચ્ચે ખેતીપાક નષ્ટ થવાની ભીતી અમરેલી જિલ્લામાં સર્જાઈ હોય. ત્યારે કુદરતના કહેર રૂપી મેઘ મહેર બંધ થાય તો નિંદામણ અને ખાતર, બિયારણ, ખેતીપાકોને બચાવવા જગતના તાત અધીરા બન્યા છે.

### માનવ સેવા મંડળ દ્વારા

## જાફરાબાદમાં કારગિલ વિજય દિવસે શહિદોને શ્રધ્ધાંજલિ અર્પણ

### આર્મી ટ્રેનરનું સન્માન કરવામાં આવ્યું

જાફરાબાદ,તા. ૨૭

જાફરાબાદનું માનવસેવા મંડળ દ્વારા વર્ષોથી કારગિલ વિજય દિવસની ઉજવણી કરવામાં આવે છે. અને સેનાના વીર જવાનોને યાદ કરવામાં આવે છે. આજે ૨૬ મી જુલાઈએ સમગ્ર દેશ કારગિલ વિજય દિવસની ઉજવણી કરી રહ્યો છે ૨૪, વર્ષ પહેલાં ૧૯૯૯માં આજના દિવસે કારગીલના સૈનિકોએ શિખરો પર ઘૂસી ગયેલા દુશ્મનને ભગાડીને વિજય જાહેર કર્યો હતો આ અવસર પર જાફરાબાદ માનવસેવા મંડળના પ્રમુખ રમેશભાઈ ચુડાસમા દ્વારા કારગિલ યુધ્ધમાં શહીદ થયેલા સૈનિકોને ભારતીય સેનાના નાયકોને યાદ કર્યા અને શ્રધ્ધાંજલિ દિનની ઉજવણી કરવામાં આવે છે. વિજય દિવસ ભારતના તે અભ્દૂત બહાદુરોની સૌર્ય ગાથાને સામે લાવે છે. જે હંમેશા દેશવાસીઓ માટે પ્રેરણા બની રહેશે આ ખાસ દિવસે જાફરાબાદ વેપારી એસોસિયેશન તથા રાજકીય અગ્રણીઓ તથા માનવસેવા મંડળના સભ્યો તથા બહળી સંખ્યામાં લોકો દ્વારા મેન રાખીને શ્રધ્ધાંજલિ પાઠવી હતી ૧૯૯૯માં દેશમાં સૈનિકોએ ભારતની રક્ષા માટે જે બહાદુરી દર્શાવી હતી તે સુવર્ણ અક્ષરોમાં લખાશે આજે આપણે ખુલ્લી હવામાં શ્વાસ લઈ રહી એ છીએ કારણ કે આપણા સૈનિકો એ ૦ ડિગ્રી થી ઓછા તાપમાનમાં



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

ઓકિસજનની અછત હોવા છતાં તેમની બંદૂકો કયારેય નીચે કરી નથી આજે કારગીલમાં ભારતનો ધ્વજ ફરકાવવામાં આવી રહ્યો છે. કારણ કે ૧૯૯૯ માં ભારતના સૈનિકોએ પોતાની બહાદુરીનો પરિચય આપતાં દુશ્મનોની છાતી પર તિરંગો ફરકાવ્યો હતો આજે કારગીલ વિજય દિવસ કરોડો દેશવાસીઓ ઓનો સન્માનનો વિજય દિવસ છે.આતે તમામ પરાક્રમી યોધ્ધાઓને શ્રધ્ધાંજલિ આપવાનો દિવસ છે. જેમણે પોતાની માતૃભૂમિના દરેક કણની આકાશથી ઉંચી ભાવના અને પર્વતની જેમ ચુસ્ત સંકલ્પ સાથે રક્ષણ કર્યુ માતાના બહાદુર સૈનિકોએ પોતાના બલિદાનથી આ વસુંધરા સર્વોપરીનું ગૌરવ માત્ર જાળ વી રાખ્યું નથી પરંતુ તેમની જીતેલી પરંપરા ઓને પણ જીવંત રાખી છે. આ પ્રસંગે જાફરાબાદ તાલુકાના વાંઢ ગામની કોળી સમાજની દિકરી પુરણબેન સાંખટ આર્મીની ટ્રેનીંગ પુરી કરી વતનમાં પરત આવતા તેઓનુ પણ ફુલહારથી તેમજ મોમેટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

### જાગૃત પત્રકારની લેખિતમાં રજૂઆત સફળ રહી

## સાવરકુંડલા માં મચ્છરજન્ય રોગ અટકાવવા માટે દવા છંટકાવની કામગીરી શરૂ

### શહેરીજનોમાં રાહતની લાગણી ફરી વળી



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલાના યુવા પત્રકાર સોહિલ શેખ દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને હાલ ચોમાસાની ઋતુ હોય સતત વાદળિયું વાતાવરણ હોય વાતાવરણમાં ભેજનું પ્રમાણ હોય મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની દહેશત હોય. એ સંદર્ભમાં સમગ્ર શહેરમાં નગરપાલિકા દ્વારા હેલ્થ સેનિટેશન કામગીરી જેવી કે ડીડીટી છંટકાવ અને ફોગીંગ મશીનથી કામગીરી હાથ ધરાવા લેખિત રજૂઆત કરી હતી. જેનાં અનુસંધાને આ રજૂઆતને સફળતા મળતાં લોકોનાં સુસ્વાસથ્ય જળવાઈ રહે તે ઉદ્દેશથી હાલ સાવરકુંડલા શહેરમાં ફોગીંગ મશીનથી દવા છંટકાવની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લાનાં અનેક મેડિકલ સ્ટોરમાં**

આરોગ્ય વિભાગનો નિયમ છે કે જે કોઈ વ્યકિત મેડિકલ સ્ટોર શરૂ કરવા માંગતો હોય તેઓ અથવા તો તેઓએ ફાર્મસીની ડીગ્રી ધરાવતાં વ્યકિત પાસે જ દવાનું વેચાણ કરાવવું જોઈએ. એક પણ દવાનું વેચાણ અન્ય કોઈ વ્યકિત કરી શકે નહી.

અમરેલી જિલ્લામાં અનેક મેડિકલ સ્ટોરમાં બિનલાયકાતી વ્યકિતઓ ખુલ્લેઆમ દવાનું વેચાણ કરે છે અને અમુક દુકાનોમાં લાયસન્સ જે નામનું હોય તે વ્યકિત કયારેય હાજર હોતા નથી. તે વ્યકિતનાં લાયસન્સનો માત્ર ઉપયોગ કરીને જે–તે વ્યકિતને દર મહિને અમુક રકમ આપવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

તાજેતરમાં જાગૃત નાગરિકે સાવરકુંડલાનાં મેડિકલ સ્ટોરમાં જઈને તપાસ કરતા ધો. ૧૦ અને ધો. ૧૨ પાસ વ્યકિતઓ દવાઓનું વેચાણ કરતાં કેમેરામાં કેદ થયા હતા અને આ અંગે જાગૃત નાગરિકે આધાર–પુરાવા સાથે અમરેલીનાં ડ્રગ્ઝ વિભાગનાં અધિકારીને રજૂઆત કરી છતાં હજુ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી.

હવે, પ્રશ્ન એ ઉભો થાય છે કે ડ્રગ્ઝ વિભાગનાં અધિકારીઓને આધાર–પુરાવા રજૂ થયા હોય છતાં પણ તપાસ ન કરીને ખુલ્લેઆમ ફરજમાં બેદરકારી દાખવી રહ્યા હોય તેની પાછળ તેની કોઈ હપ્તાબાજી જવાબદારી છે કે અન્ય કોઈ કારણ તે તપાસનો વિષય બન્યો છે.

અમરેલી જિલ્લામાં ડ્રગ્ઝ વિભાગની નિષ્ક્રીયતા અને નિંભરતા દૂર કરવા માટે જિલ્લાનાં ધારાસભ્યો અને સાંસદ તેમજ આરોગ્ય કમિશનર યોગ્ય કાર્યવાહી કરે તેવી માંગ જનતામાંથી ઉભી થઈ રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું **સાવરકુંડલાના એસ.ટી. ડેપોની બહાર**

તોડી ઉખેડીને કયાંય ફૈંકી દીધું છે. તો ખાસ જે જવાબદાર તંત્ર હોય તેમણે આ નો પાર્કિંગ ઝોનનું નવું બોર્ડ મૂકી તેનો કડકપણે અમલ કરાવવો જોઈએ તેવું પ્રબુદ્ધ નાગરિકો ઈચ્છી રહ્યા છે અને વહેલી તકે પોલીસ જાગૃત બને ગેરકાયદેસર વાહનોવાળા કે લાયસન્સ વગરના ડ્રાઈવિંગ કરતા ડ્રાઈવરો ઉપર કડક પગલાં ભરે તો જ આ દાદાગીરીનું દુષણ મટાડી શકાશે.

આ સમસ્યા ઘણા વર્ષોથી છે આ સમસ્યાનું કાયમી ઉકેલ લાવવા માટે એસ.ટી. તંત્ર, સીટી પોલીસ તંત્ર અને સાવરકુંડલાના જાગૃત ધારાસભ્ય આ પ્રશ્ન ઉકેલવામાં મદદરૂપ થાય તેવું લોકો ઈચ્છી રહ્યા છે.



### જાહેર નોટિસ

આથી હુ નીચે સહી કરનાર સુરેશ બી. મકવાણા એડવોકેટ રહે. અમરેલીના તે અમારા અસીલ મયુરભાઈ કરશનભાઈ ખણેસા, રહે. પીપળલગ તા.જિ. અમરેલીનાની મળેલ સુચના, માહીતી અનુસાર લાગતા વળગતા સર્વોને આ જાહેર નોટિસ આપી જણાવીએ છીએ કે,

અમારા અસીલ, તા.જિ. અમરેલીના પીપળલગ મુકામે રહેછે. અમારા અસીલે બંધનબેંક અમરેલી શાખામાંથી હોમલોન તેમના માતુશ્રી ચંદ્રીકાબેન કરશનભાઈ ખણેસા રહે. પીપળલગ, તા.જિ. અમરેલીના નામજોગ આવેલી જમીન/મીલ્કત રે.સ.નં. ૧૪૫ પૈકી પ્લોટ નં. ૧૦૪/૧, જેના ચો.મી. ૩૬.૮૦ વાળી રહેણાંક હેતુની મીલ્કતનો રજી. વેચાણ દસ્તાવેજ એકશ્રી મગનભાઈ બાબુભાઈ સાણંદીયા રહે. અમરેલીનાએ વે.દ.અનુ. નં. ૨૦૮૫ તા. ૨૮/૦૫/૨૧ ના રોજ કરી આપેલ છે. તે મીલ્કત સદરહુ લોન બાબત મોરગેજ કરેલી છે. હાલ અમારા અસીલ સદરહુ શાખામાંથી લીધેલ લોન અન્ય શાખામાં ટ્રાન્સફર એટલે કે ટેકઓવર કરવા માંગ છે સદરહું અમારા અસીલના માતુશ્રીના નાજોગ આવેલી સદરહુ મીલ્કતના ઉતરોતર વેચાણ વ્યવહારો જોતા એકશ્રી અજયભાઈ પ્રભાશંકર કામદાર રહે. અમરેલીના નામજોગ અશ્વિનભાઈ નાનજીભાઈ બાંભરોલીયાના કુ.મુ.નાનજીભાઈ ભગવાનભાઈ બાંભરોલીયાએ રજી. વેચાણ દસ્તાવેજ અનુ.નં. ૧૩૨૦ થી તા. ૧૪/૦૭/૧૯૯૨ ના રોજ કરી આપેલ છે. સદરહુ અજયભાઈ પ્રભાશંકર કામદારે અમારા અસીલના માતુશ્રીના નામજોગ કરી આપનાર દસ્તાવેજવાળા ઈસમના નામજોગ વે.દ.અનુ. નં.૩૬૫૧ થી તા. ૧૯/૦૯/૧૯ ના રોજ કરી આપેલ છે. એ રીતે ઉતરોતર મુળ મીલ્કતના દસ્તાવેજો કુ.મુ. મારફત થયેલા હોય અને તે મીલ્કત પૈકીની મીલ્કતનો અમારા અસીલના માતુશ્રીના નામજોગ થયેલ સદરહુ મીલ્કતનો દસ્તાવેજવાળી મીલ્કત હાલ બંધનબેંક શાખા–અમરેલીમાં મોરગેજ થયેલ હોય અને તેવી લોન અમારા અસીલ ટેકઓવર કરી અન્ય શાખામાં ટ્રાન્સફર કરવા માંગતા હોય જેથી અમારા અસીલે સદરહુ મીલ્કતનું અમારા પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ મળવા માંગણી કરેલ છે.

આમ ઉપર મુજબ અમારા અસીલના માતુશ્રીના નામજોગ રહેલી સદરહુ વેચાણ દસ્તાવેજવાળી મીલ્કતના વ્યવહાર અગાઉ કુલમુખત્યાર મારફત થયેલ હોય તે સમયે કુલમુખત્યારનામા અસ્તીત્વમાં હોય તે રીતે અમારા અસીલના માતુશ્રીના નામજોગ સદરહુ દસ્તાવેજવાળી મીલ્કતમાં કોઈ ઈસમ/વ્યકિત કે નાણાકીય સંસ્થા કે સહકારી કે અર્ધસહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે સદરહુ દસ્તાવેજવાળી મીલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો થયેલ હોય અથવા તો કોઈપણ ઈસમનો સદરહુ મીલ્કતમાં કોઈ લાગભાગ કે હકક હિસ્સો આવેલ હોય કે ઉપરોકત દસ્તાવેજ કરી આપનારના નામજોગ રહેલ સદરહુ મીલ્કતના અગાઉ વેચાણ દસ્તાવેજ થયા પહેલા મીલ્કતના કુલમુખત્યાર આપનાર દ્વારા રદ કરવામાં આવેલ હોય કે રદ થયેલા હોય કે કોઈપણ ઈસમને વાંધા રહેલા હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૩ માં લેખીત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એડી.થી જણાવવુ અન્યથા આ અંગે કોઈને હરકત વાંધા કે તકરાર નથી અને જો હોય તો તેઓએ સ્વૈચ્છાએ જતા (વેવ) કરેલ છે તેમ માની અમારા તરફેથી અમારા અસીલને ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરવામાં આવશે ઉપરોકત સમય વિત્યાબાદ આ અંગેની કોઈજ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી. જે અંગે લાગતા વળગતાઓએ નોંધ લેવી.

તા.૨૭/૦૭/૨૦૨૩
સ્થળ :– અમરેલી

**સુરેશ બી. મકવાણા**
એડવોકેટ–અમરેલી.
ઠે. ''ક્રિશ'' બહારપરા, સાવરકુંડલા રોડ–અમરેલી.


### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૩૦ | ૧૭૨૭ |
| ૨ | શિંગ મોટી | ૧૨૯૦ | ૧૭૨૫ |
| ૩ | શિંગદાણા | ૧૬૨૦ | ૨૪૦૦ |
| ૪ | શિંગદાણા (ફાડા) | ૧૫૭૫ | ૨૦૨૦ |
| ૫ | તલ સફેદ | ૧૭૨૫ | ૩૫૪૨ |
| ૬ | તલ કાળા | ૧૭૦૦ | ૩૩૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૭૫ | ૩૫૦૦ |
| ૮ | બાજરો | ૩૯૮ | ૩૯૮ |
| ૯ | જુવાર | ૭૮૦ | ૯૫૧ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૫૨૬ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૦ |
| ૧૨ | મગ | ૧૩૦૦ | ૧૬૬૦ |
| ૧૩ | ચણા | ૬૨૫ | ૯૯૬ |
| ૧૪ | ચણા દેશી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૫ | તુવેર | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૧૬ | કપાસ | ૧૦૩૦ | ૧૪૭૯ |
| ૧૭ | જીરૂ | ૯૧૦૦ | ૯૧૦૦ |
| ૧૮ | રાય | ૧૧૮૧ | ૧૨૦૫ |
| ૧૯ | ધાણા | ૧૦૭૧ | ૧૫૬૬ |
| ૨૦ | ધાણી | ૧૪૯૧ | ૧૫૭૦ |
| ૨૧ | સોયાબીન | ૯૨૫ | ૯૫૪ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૨ | ઘઉં | ૪૫૧ | ૪૯૩ |
| ૩ | તલ | ૩૦૧૫ | ૩૫૮૮ |
| ૪ | મગ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| ૫ | બાજરો | ૩૮૦ | ૩૮૦ |
| ૬ | મેથી | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૭ | રાઈ | ૧૨૩૦ | ૧૨૩૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૬૪૫ | ૧૮૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગદાણા | ૧૯૫૧ | – |
| ૨ | તલ સફેદ | ૩૧૫૦ | ૩૬૯૧ |
| ૩ | તલ કાળા | ૨૮૦૦ | ૩૨૬૦ |
| ૪ | જીરૂ | – | ૧૧૫૦૦ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૭૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૪૮ | ૫૩૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| ૮ | બાજરો | ૪૧૦ | ૪૪૭ |
| ૯ | મગ | ૧૬૫૦ | – |
| ૧૦ | અડદ | ૧૭૦૦ | – |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૯૭૬ |
| ૧૨ | તુવેર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ૧૩ | એરંડી | ૧૨૪૭ | – |
| ૧૪ | ધાણા | ૧૧૦૦ | – |
| ૧૫ | સોયાબીન | ૯૫૦ | ૯૯૩ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૧ | ૧૫૦૯ |
| ૨ | મગફળી | ૧૩૩૦ | ૧૬૦૦ |
| ૩ | ઘઉં | ૩૯૦ | ૫૪૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૦ | ૧૪૧૫ |
| ૨ | ચણા | ૯૪૨ | ૯૬૩ |
| ૩ | ઘઉં લોકવન | ૩૮૦ | ૪૮૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૭૨ | ૫૫૦ |
| ૫ | સોયા | ૯૨૬ | ૯૪૮ |
| ૬ | શીંગદાણા | ૨૦૦૦ | ૨૨૨૧ |
| ૭ | ધાણા | ૧૨૫૦ | ૧૪૨૪ |
| ૮ | મગફળી | ૧૩૪૨ | ૧૬૫૧ |
| ૯ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૫૬૦ |
| ૧૦ | મેથી | ૧૧૮૧ | ૧૨૦૦ |
| ૧૧ | જુવાર | ૪૦૦ | ૯૩૭ |
| ૧૨ | તુવેર | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૩ | મકાઈ | ૬૭૦ | ૬૭૦ |
| ૧૪ | મગ | ૧૦૨૫ | ૧૩૦૫ |
| ૧૫ | લસણ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૬ | ચણા સફેદ | ૧૩૭૦ | ૧૩૭૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૬૧૦ |
| ૨ | કપાસ | ૮૦૦ | ૧૪૭૦ |
| ૩ | બાજરો | ૪૧૦ | ૪૬૯ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૫૭૧ |
| ૫ | જુવાર | ૫૩૦ | ૮૧૧ |
| ૬ | ચણા | ૯૨૫ | ૯૨૫ |
| ૭ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૮ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |

## જુવાર, બાજરી, નાગલી, કાંગ, કોદરા સહિતનાં પોષક અનાજએ મૂળ ભારતના છે અને તેમાં રહેલા પોષક તત્વો માનવ શરીરનાં સામાન્ય કાર્ય માટે જરૂરી છે

# મધુપ્રમેહનું જોખમ ઘટાડે, હૃદય રોગ અટકાવવામાં ઉપયોગી એવા 'શ્રી અન્ન'એ પોષક તત્વોનો ભંડાર છે

## ખોરાકમાં 'શ્રી અન્ન'નો ઉપયોગ કરવાથી પ્રોટીન, ચરબી, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, કેલેરી, કેલ્શિયમ, લોહતત્ત્વ મળે છે, મિલેટ્સનાં અનેકવિધ ગુણકારી ફાયદાઓ

અમરેલી તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા મિલેટ્સને આંતરરાષ્ટ્રીય ઓળખ મળે અને તેનો પ્રચાર–પ્રસાર થાય તેવા હેતુથી કરવામાં આવેલી હિમાયતની સફળતાને પગલે સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ–૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ (શ્રી અન્ન) વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. મિલેટ્સ એટલે કે આપણા પારંપારિક જાડાધાન્યનો ખોરાકમાં ઉપયોગ વધે તેવા હેતુથી દેશમાં વિવિધ કાર્યક્રમો દ્વારા મિલેટ્સના ગુણકારી ફાયદાઓની જાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે.

આ કડીના ભાગરૂપે સંકલિત બાળ વિકાસ યોજના તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ ગુજરાત દ્વારા તાજેતરમાં જ રાજયમાં મિલેટ્સ વાનગી હરીફાઈ યોજવામાં આવી હતી. શ્રી અન્નની વિવિધ વાનગીઓ બનાવી લોકો સુધી તે વાનગીની વિવિધતાઓ અને તે ધાન, મિલેટ્સના ફાયદાઓ વિશે નાગરિકો જાગૃત્ત થાય, તેનો રોજિંદા ખોરાકમાં ઉપયોગ કરે તે માટે પ્રચાર–પ્રસાર પણ કરવામાં આવી રહ્યો છે. અમરેલી જિલ્લામાં આંગણવાડીના વિવિધ ઘટકનાં બહેનો દ્વારા મિલેટ્સમાંથી અનેકવિધ સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી.

સમગ્ર વિશ્વમાં જયારે આપણા 'શ્રી અન્ન' વિશેની જાગૃત્તિ પ્રસરી રહી છે ત્યારે 'શ્રી અન્ન' માં રહેલા પોષક તત્વો વિશે જાણવું જરૂરી છે. જાડા ધાન્ય એટલે કે 'શ્રી અન્ન'માં મોટા મિલેટમાં જુવાર અને બાજરીનો સમાવેશ થાય છે. જયારે ફિંગરમિલેટ એટલે રાગી / નાગલી, ફોક્સટેલમિલેટ એટલે કાંગ / ઈટાલિયનમિલેટ, લિટલમિલેટ એટલે ગજરો / કુરી, કોદોમિલેટ એટલે કે કોદરા, બાર્નયાર્ડમિલેટ એટલે સામો, પ્રોસોમિલેટ એટલે ચીનો / સામાન્ય મિલેટ, અને બ્રાઉન ટોપ મિલેટમાં હરીકાંગનોવર્ગીકરણ મુજબ સમાવેશ થાય છે.

મિલેટ નાના દાણાવાળા અનાજના ખાદ્ય પાકોનો સમૂહ છે. રાસાયણિક ખાતરો તથા જંતુનાશકોની ખૂબ ઓછી જરૂરિયાત સાથે ઓછી ફળ દ્રુપ જમીનમાં પણ મિલેટ ઉગાડવામાં આવે છે. આ પાકો મોટાભાગે દેશની ખાદ્ય અને પોષણ સુરક્ષામાં મહત્વનો ફાળો આપે છે. મોટાભાગના મિલેટ પાકો મૂળ ભારતના છે અને પોષક






અનાજ તરીકે જાણીતા છે કારણ કે, તે માનવ શરીરના સામાન્ય કાર્ય માટે જરૂરી છે તેવા મોટાભાગના પોષક તત્વો પૂરા પાડે છે.

મિલેટએ પૌષ્ટિક ખોરાક છે, તેના વાવેતરમાં અન્ય અનાજ કરતા ઓછું પાણી વાપરવામાં આવે છે. મિલેટ ઝડપથી વધે છે અને પર્યાવરણ પર ઓછું ભારણ થાય છે.વધુમાં આ પાકોમાં જીવાતો અને રોગની પણ ખાસ સમસ્યા સર્જાતી નથી. મિલેટ સીમાંત જમીનમાં પણ ઉગી શકે છે. મિલેટ્સ આપણા ખોરાકમાં પોષણ સુરક્ષાને પૂર્ણ કરે છે. ખેડૂતોની આવકને પૂરક બનાવવા ઉપરાંત મિલેટ પશુઓ માટે ઘાસચારો પણ પૂરો પાડે છે.

### આંતરરાષ્ટ્રીય મિલેટ (શ્રી અન્ન) વર્ષ

પોષણના માપદંડોની દ્રષ્ટિએ મિલેટ ચોખા અને ઘંઉ કરતાં વધુ પૌષ્ટિક છે. દરેક મિલેટમાં ચોખા અને ઘંઉ કરતાં વધુ ફાઈબર હોય છે. કેટલાક મિલેટમાં તો ચોખા કરતાં ૫૦ ગણું વધારે ફાઈબર હોય છે. ફિંગરમિલેટમાં ચોખા કરતાં ૩૦ ગણું વધુ કેલ્શિયમ હોય છે. જયારે બીજા દરેક મિલેટમાં ચોખાની સરખામણીએ બમણું કેલ્શિયમ હોય છે. ફોકસટેલ અને નાના મિલેટ આયર્ન તત્વોથી એટલા સમૃદ્ધ છે કે તેમાં સમાવિષ્ટ આયર્ન જેટલું પ્રમાણ ચોખામાં પણ નથી. મિલેટ ધાન્યમાં બીટાકેરાટીન જેવા સૂક્ષ્મ પોષક તત્વો પુષ્કળ માત્રામાં છે. આમ,પોષક તત્વોની દ્રષ્ટિએ જોઈએ તો દરેક મિલેટ ચોખા અને ઘંઉ કરતાં અસાધારણ રીતે શ્રેષ્ઠ છે તેથી તે કુપોષણને દૂર કરવા માટે ચાવીરૂપ છે.

મિલેટના પોષક તત્વો : મિલેટમાં ભરપૂર પોષક તત્વો છે. જેમાં જુવારમાં ૯.૯૭ ગ્રામ પ્રોટીન, ૧.૭૩ ગ્રામ ચરબી, ૧૦.૨૨ ગ્રામ ફાઈબર, ૬૭.૬૮ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૩૯૮ કિલો કેલેરી, ૨૭.૬ મિલી ગ્રામ કેલ્શિયમ, ૩.૯૫ મિલી ગ્રામ લોહતત્વ હોય છે.બાજરીમાં ૧૦.૯૬ ગ્રામ પ્રોટીન, ૫.૪૩ ગ્રામ ચરબી, ૧૧.૪૯ ગ્રામ ફાઈબર, ૬૧.૬૮ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૪૫૬ કિલો કેલેરી, ૨૭.૩૫ મિલી ગ્રામ કેલ્શિયમ, ૬.૪૨ મિલી ગ્રામ હોય છે.નાગલી,બાવટોમાં ૦૭.૧૬ ગ્રામ પ્રોટીન, ૧.૯૨ ગ્રામ ચરબી, ૧૧.૧૮ ગ્રામ ફાઈબર, ૬૬.૮૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૩૪૨ કિલો કેલેરી, ૩૬૪ મિલી ગ્રામ કેલ્શિયમ, ૪.૬૨ મિલી ગ્રામ હોય છે. કાંગમાં ૧૨.૩ ગ્રામ પ્રોટીન, ૪.૩૦ ગ્રામ ચરબી, ૦૦ ગ્રામ, ફાઈબર, ૬૦.૦૧ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩૩૧ કિલો કેલેરી, ૩૧.૦ મિલી ગ્રામ કેલ્શિયમ, ૨.૦૮ મિલી ગ્રામ હોય છે. ચિનોમાં ૧૨.૫ ગ્રામ પ્રોટીન, ૧.૧૦ ગ્રામ ચરબી, ૦૦ ગ્રામ ફાઈબર, ૭૦.૦૪ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩૪૧ કિલો કેલેરી, ૧૪.૦ મિલી ગ્રામ કેલ્શિયમ, ૦.૦૮ મિલી ગ્રામ હોય છે.

કોદરામાં ૮.૯૨ ગ્રામ પ્રોટીન, ૨.૫૫ ગ્રામ ચરબી, ૬.૩૯ ગ્રામ ફાઈબર, ૬૬.૧૬ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૩૮૮ કિલો કેલેરી, ૧૫.૨૭ મિલી ગ્રામ કેલ્શિયમ, ૨.૩૪ મિલી ગ્રામ હોય છે. ગજરો, કુરીમાં ૧૦.૧૩ ગ્રામ પ્રોટીન, ૩.૮૯ ગ્રામ ચરબી, ૭.૭૨ ગ્રામ ફાઈબર, ૬૬.૫૫ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૪૪૯ કિલો કેલેરી, ૧૬.૦૬ મિલી ગ્રામ કેલ્શિયમ, ૧.૨૬ મિલી ગ્રામ હોય છે. સામોમાં ૦૬.૦૨ ગ્રામ પ્રોટીન, ૨.૨૦ ગ્રામ ચરબી, ૦૦ ગ્રામ ફાઈબર, ૬૫.૦૫ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૩૦૭ કિલો કેલેરી, ૨૦.૦ મિલી ગ્રામ કેલ્શિયમ, ૫.૦ મિલી ગ્રામ હોય છે.

ચોખામાં ૦૭.૯૪ ગ્રામ પ્રોટીન, ૦.૫૨ ગ્રામ ચરબી, ૨.૮૧ ગ્રામ ફાઈબર, ૭૮.૨૪ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૪૯૧ કિલો કેલેરી, ૦૭.૪૯ મિલી ગ્રામ કેલ્શિયમ, ૦.૬૫ મિલી ગ્રામ હોય છે. ઘઉમાં ૧૦.૫૯ ગ્રામ પ્રોટીન, ૧.૪૭ ગ્રામ ચરબી, ૧૧.૨૩ ગ્રામ ફાઈબર, ૬૪.૭૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ, ૧૩૪૭ કિલો કેલેરી, ૩૯.૩૬ મિલીગ્રામ કેલ્શિયમ, ૩.૯૭ મિલી ગ્રામ હોય છે. (માપદંડ પ્રતિ ૧૦૦ ગ્રામ, ઈન્ડિયન ફુડ કોમ્પોઝીશન ટેબલ્સ, એનઆઈએન, ૨૦૧૭ આધારિત)

શ્રી અન્ન એ મધુપ્રમેહનું જોખમ ઘટાડે છે. આ ધાન્ય એલર્જિક એવા ગ્લુટેન દ્રવ્યથી મુક્ત છે. મિલેટ્સમાં વધુ એન્ટી ઓકિસટડન્ટ હોય છે. હૃદય રોગ અટકવવામાં ઉપયોગી છે. આ ઉપરાંત કોલેસ્ટ્રોલ ઓછું કરે છે. મિલેટ્સ પોષક તત્વોનું પાવર પેક છે. બાળકો સહિત તમામને મિલેટસની અવનવી સ્વાદીષ્ટ વાનગીઓ આપી તેમનું સ્વાસ્થ્ય વધારી શકાય છે.

: સંકલન અને આલેખન :
જય મિશ્રા
જિલ્લા માહિતી કચેરી
અમરેલી

---

## જીએસ મલિકને અમદાવાદના નવા CP બનાવાયા

# રાજયના ૭૦ સિનિયર IPS અધિકારીઓની બદલી કરાઈ

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આઈપીએસ અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં ફરી એકવાર બદલીઓનું ભૂત ધ્રૂણ્યું છે. જેમાં એક ઝાટકે ૭૦ IPS અધિકારીઓની બદલી કરવામાં આવી છે. ઘણા સમયથી રાજયમાં આઈપીએસ અધિકારીઓની બદલીને લઈને અટકળો ચાલતી હતી. આખરે આ બદલીનો ઓર્ડર આવી ગયો છે.

આ સાથે રેન્જ આઈજીની પણ બદલી કરવામાં આવી છે. હવે અમદાવાદને ફૂલ ટાઈમ પોલીસ કમિશનર મળ્યા છે. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ નિવૃત થયા બાદ પ્રેમવીર સિંહ પાસે અમદાવાદ કમિશનરનો ચાર્જ છે. ત્યારે હવે અમદાવાદ શહેરને નવા કમિશનર મળ્યા છે.

જ્ઞાનેન્દ્રસિંહ મલિકને અમદાવાદના પોલીસ કમિશનર બનાવવામાં આવ્યા છે. જ્યારે પ્રેમ વીર સિંહને અમદાવાદ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. નિલેશ જાંઝળીયાને જુનાગઢ રેન્જ આઈજી બનાવામાં આવ્યા છે. આ ઉપરાંત ડેપ્યુટેશન પર ગયેલા અધિકારીઓની પણ બદલી કરવામાં આવી છે. ગુરૂવારે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે IPS અધિકારીઓની બદલીના ઓર્ડર પર મોહર લગાવી છે. જેમાં ૫૦થી વધુ IPS અધિકારીઓની બદલીના ઓર્ડર થવાના અણસાર આપ્યા હતા.

આ સિવાય અમદાવાદના પોલીસ કમિશ્નરનું પણ નામ જાહેર કરાયું છે. ૧૫થી વધુ જિલ્લાઓના DSP સહિત પોલીસ કમિશનર અને રેન્જ IG સહિતની બદલીઓ થશે.

---

## અધિક માસની અમૃતધારા




### વર વગરની વહુની વાર્તા – સંકીર્તન




ભૃગુપુર ગામમાં એક બ્રાહ્મણ–બ્રાહ્મણી રહે. પતિ–પત્ની બહુ ધર્મિષ્ઠ અને ધર્મધ્યાન કરનાર. સંપત્તિ તો ઘણી પણ સંતતિ નહિ. શેર માટીની ખોટ.

એવામાં પાવન પુરૂષોત્તમ માસ નજીક આવ્યો. બ્રાહ્મણી વિચાર કરે છે કે પ્રભુએ એકાદ દીકરો દીધો હોત તો દિકરાની વહુ આવત. વહુ ઘરનું કામ કરત અને હું નિરાંતે પ્રભુનું ભજન કરતી. રાંધવા–ચીંધવાની કડાકટ ન રહે અને હેઠા હૈયે કથાવાર્તા સંભાળય.

બ્રાહ્મણીએ મનની વાત પતિને કરી. બ્રાહ્મણ તો હસવા લાગ્યો. 'ગાંડી થઈ છે કે શું ? આપણે રહ્યા વાંઝિયા ! દીકરો હોય તો વહુ આવે, દીકરા વગર તે વહુ આવે ખરી ? પણ બ્રાહ્મણી તો હઠે ભરાણી કે હવે તો આ ઘરમાં વહુ આવે તો જ હા, નહીંતર ના. દીકરા હોય એ તો વહુ લાવે, પણ વગર દિકરે વહુ આવે તો જ ખરા કહેવાય. તમે વહુ લાવો તો જ અન્ન લઈશ, નહીં તો પ્રાણ છોડી દઈશ.' (ક્રમશઃ)



સંપાદક : મહેન્દ્ર જોષી
મો. ૯૪૨૬૪ ૫૭૩૫૬ (નિવૃત કેળવણી નિરીક્ષક)

---

## રાજકોટમાં રેસકોર્સ ખાતે PMનું જનસભાને સંબોધન

# ભ્રષ્ટાચાર અને પરિવારવાદવાળાઓએ પોતાની જમાતનું નામ બદલી નાખ્યુ :મોદીનો લલકાર


રાજકોટ, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના પ્રવાસે છે. જેમણે અહીં ટર્મિનલ બિલ્ડિંગ ખાતેથી રૂપિયા ૧૪૦૫ કરોડના ખર્ચે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદઘાટન કરીને જનતાને સમર્પિત કર્યું છે.

ત્યાર બાદ વડાપ્રધાને આ એરપોર્ટના રન વે, ટર્મિનલ સહિતની કામગીરીનું નિરિક્ષણ પણ કર્યું હતું. જે બાદમાં તેઓ રાજકોટમાં રેસકોર્સ ખાતે જનસભાને સંબોધન કર્યું છે. આ પ્રસંગે જણાવ્યું હતું કે, આજે રાજકોટ સાથે સાથે ગુજરાત માટે મોટો દિવસ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આ એરપોર્ટથી ઉદ્યોગોને ખૂબ લાભ થશે. વધુમાં કહ્યું કે, અમે સુશાનની ગેરેન્ટી આપી હતી તે પૂરી કરી રહ્યાં છીએ તેમજ ગરીબ હોય, દલીત હોય કે આદીવાસી હોય જે તમામનું જીવન સારૂ બનાવવા માટે સતત કામ કર્યું છે.

તેમણે કહ્યું કે અમારી સરકારના પ્રયાસોથી દેશમાં ગરીબી



ઓછી થઈ રહી છે. હમણા આવેલા રિપોર્ટ મુજબ અમારી સરકાના પાંચ વર્ષોમાં ૧૩.૫ કરોડ લોકો ગરીબીથી બહાર નીકળ્યા છે.

PM મોદીએ જણાવ્યું હતું કે, ભ્રષ્ટાચાર અને પરિવારવાદ વાળાઓએ પોતાની જમાતનું નામ બદલી નાખ્યું છે પરંતુ તેમનો ઈરાદો આજે પણ એજ છે વધુમાં ઉમેર્યું કે, ખેડૂતોને વધુ ભાવ મળે તો કહે છે મોંઘવારી છે. પ્રધામંત્રીએ કહ્યું કે, લીલી ઝંડી દેખાડવાનો મોકો મને રાજકોટે આપ્યો છે તેમજ રાજકોટમાં નવું એરપોર્ટ બનતા જ દુનિયાના શહેરોની સીધી ફ્લાઈટ સંભવ બની છે. તેમણે ઉમેર્યું કે, અમારી સરકારની પ્રાથમિકતામાં મિડલ ક્લાસ પણ છે નિયો મિડલ ક્લાસ પણ છે એટલે કે સંપૂર્ણ રીતે મધ્યમ વર્ગ છે. તેમણે કહ્યું કે, અગાઉ પરિવહનને લઈ ફરિયાદો હતી પરંતુ આજે દેશમાં વંદે ભારત જેવી સેવા આપવામાં આવે છે.

તેમણે કહ્યું કે, હવાઈ સેવામાં ભારતે નવા વિકાસની ઉંચાઈ આંબી છે અને આજે ૧ હજાર વિમાન ઓર્ડર બુક છે. વધુમાં એમ પણ કહ્યું કે, ચૂંટણી સમયે મેં કહ્યું હતું કે, ગુજરાત પ્લેન પણ બનાવશે અને આજે ગુજરાત એ દિશામાં આગળ વધી રહ્યું છે.રાજકોટમાં રૂપિયા ૨૦૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કરીને રાજકોટ-સૌરાષ્ટ્રવાસીઓને વિકાસકાર્યોની ભેટ આપી છે. જેમાં હિરાસર પાસે નિર્મિત રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજનાની લિંક-ઉના પેકેજ ૮ તથા ૯, રાજકોટમાં સૌરાષ્ટ્રના પ્રથમ મલ્ટિલેવલ ઓવરબ્રિજ સહિતના વિવિધ વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

---

## વડાપ્રધાને રાજસ્થાનમાં વિકાસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો

# કારનામા છુપાવવા માટે વિપક્ષોએ ગઠબંધનનું નામ ઈન્ડિયા કર્યું : મોદી

## મોદીએ રાજસ્થાનના બરતરફ કરાયેલા મંત્રી ગુડાની કથિત રેડ ડાયરીનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર નિશાન સાધ્યું

સીકર, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના સીકર પહોંચ્યા હતાં જ્યાં તેમણે વિવિધ વિકાસ પ્રોજેકટનો શિલાન્યાસ કર્યો અને ઉદ્‌ઘાટન કર્યું હતું. આ દરમિયાન પીએમ મોદીએ વિપક્ષી ગઠબંધન ભારત પર આકરા પ્રહારો કર્યા હતા.

પીએમે કહ્યું હતું કે, સિમીના નામમાં પણ ભારત હતું, તેણે તેનું નામ બદલીને પીએફઆઈ (પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા) કર્યું. આ દરમિયાન પીએમ મોદીએ લાલ ડાયરીનો પણ ઉલ્લેખ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું, વિપક્ષોએ ગઠબંધનનું નામ બદલી નાખ્યું જેથી તેઓ પોતાના કારનામા છુપાવી શકે.

પીએમ મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસ એટલે લૂંટનું બજાર. લોકશાહીમાં દરેક સરકારને તેના કામનો હિસાબ આપવો પડે છે, પરંતુ શું રાજસ્થાનમાં કોંગ્રેસ તેના કામનો હિસાબ આપે છે? તેઓએ પરસ્પર ઝઘડામાં, સર્વોપરિતાની લડાઈમાં કિંમતી સમય વેડફ્યો.

પીએમ મોદીએ કહ્યું હતું કે, રાજસ્થાનમાં દલિતો પર અત્યાચાર ચરમ પર છે. ડ્રગ્સનો વેપાર ફૂલીફાલી રહ્યો છે. આપણા તીજના તહેવારો પર ખતરો તોળાઈ રહ્યો છે. ક્યારે પથ્થરમારો શરૂ થશે, ક્યારે ગોળીઓ વરસશે, ક્યારે કર્ફ્યુ લાદવામાં આવશે તે કોઈને ખબર નથી.

રાજસ્થાનના લોકો પોતાની બહેનો અને દીકરીઓ પર થતા અત્યાચારને સહન કરી શકતા નથી. એક દલિત બહેન પર તેના પતિની સામે જ ગેંગરેપ કરવામાં આવે છે. આરોપીઓ વીડિયો બનાવે છે, પોલીસ ફરિયાદ લખતી નથી.

શાળાઓમાં ભણાવતી નાની છોકરીઓ અને શિક્ષકો પણ સુરક્ષિત નથી. કોંગ્રેસના નેતાઓ કાર્યવાહી કરવાને બદલે પીડિત મહિલાઓ પર જુઠ્ઠાણાનો આરોપ લગાવે છે. રાજસ્થાનના સીકરમાં જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનની ગેહલોત સરકારમાંથી બરતરફ કરાયેલા મંત્રી રાજેન્દ્ર ગુડાની કથિત રેડ ડાયરીનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

પીએમ મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસે સરકાર ચલાવવાના નામે લૂંટની દુકાન ચલાવી છે. લૂંટની આ દુકાનનું લેટેસ્ટ ઉદાહરણ રાજસ્થાનની લાલ ડાયરી છે. કોંગ્રેસ સરકારના કાળા કામો લાલ ડાયરામાં બંધ છે. લોકોનું કહેવું છે કે, જો તેના પાના ખોલવામાં આવશે તો કોંગ્રેસ સરકારના ડબ્બા જ ગુલ થઈ જશે. પીએમ મોદીએ કહ્યું હતું કે, લાલ ડાયરીનું નામ સાંભળીને કોંગ્રેસના મોટા નેતાઓની હાલત ખરાબ છે. આ ડાયરામાં કોંગ્રેસ સરકારના કાળા કૃત્યો બંધ છે. જો તેના પાના ખોલવામાં આવે તો મોટા મોટા માથાઓ વધેરાઈ શકે છે. આ લાલ ડાયરી કોંગ્રેસ સરકારની સઘળી પોલ ખોલીનાખશે.

---

## વંદેભારત ટ્રેન પર વધુ એક વખત હુમલો

# ભોપાલ-નિઝામુદ્દીન વંદેભારત ટ્રેન પર પથ્થરમારો, કોચનાં કાંચ તૂટ્યા

આગરા, તા.૨૭

ઉત્તર પ્રદેશના આગરામાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે બુધવારે આગરા રેલ્વે વિભાગમાં ભોપાલથી દિલ્હીના નિઝામુદ્દીન સ્ટેશન વચ્ચે દોડતી વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો, જેના કારણે ટ્રેનના કોચના કાચ તૂટી ગયા હતા. રેલ્વે સૂત્રોના જણાવ્યા અનુસાર, આગરા રેલ્વે ડિવિઝનના મનિયા અને જાજૌ સ્ટેશનો વચ્ચે ટ્રેન પર પથ્થરમારાની ઘટના બની હતી અને સી-૭ કોચની સીટ નંબર ૧૩-૧૪ની બારીના કાચ તૂટી ગયા હતા. માહિતી મળતાં જ રેલવેની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી.

આગ્રા રેલવે ડિવિઝનના પીઆરઓ પ્રશસ્તિ શ્રીવાસ્તવે જણાવ્યું કે આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા થઈ નથી. તમને જણાવી દઈએ કે, વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હોય તેવી આ પહેલી ઘટના નથી. આ પહેલા પણ ભોપાલથી નિઝામુદ્દીન સ્ટેશન વચ્ચે ચાલતી વંદે ભારત સુપરફાસ્ટ એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો.

---

## રાજ્યમાં ત્રણ દાયકા કરતા વધુ સમયથી પ્રતિબંધ હતો

# શ્રીનગરમાં મોહરમના જુલૂસની પરવાનગી અપાઈ

## સવારે ૬થી સવારે ૮ વાગ્યા સુધી ૮ મી મોહરમ- ૧૪૪૫ એ મોહરમ જુલૂસ કાઢવાની પરવાનગી આપવામાં આવી

શ્રીનગર, તા.૨૭

જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રએ બુધવારે ૩ દાયકા કરતા વધુ સમય સુધી પ્રતિબંધિત રહ્યા બાદ ગુરુવારે શ્રીનગરથી ૮ મા મોહરમ જુલૂસની પરવાનગી આપવાનો નિર્ણય કર્યો. જોકે, તંત્રએ જુલૂસ માટે એક સમય મર્યાદા નક્કી કરી છે.

શ્રીનગરના ડેપ્યુટી કમિશનર અજાજ અસદ દ્વારા બુધવારે સાંજે જાહેર કરાયેલા એક આદેશ અનુસાર ૨૭ જુલાઈ ૨૦૨૩એ સવારે ૬ વાગ્યાથી સવારે ૮ વાગ્યા સુધી ૮ મી મોહરમ-૧૪૪૫ એ ગુરુ બજારથી બુડશાહ કદલ અને એમ.એ. રોડ શ્રીનગરના માધ્યમથી ડલગેટ સુધી મોહરમ જુલૂસ કાઢવાની પરવાનગી આપવામાં આવી છે.

બુધવારે પોતાના આદેશમાં તંત્રએ જુલૂસ કાઢનાર લોકોને કહ્યુ છે કે કોઈ પણ પ્રકારનું રાષ્ટ્ર-વિરોધી/સ્થાપના-વિરોધી ભાષણ/સૂત્રોચ્ચાર કે પ્રચાર કરે નહીં.

કાશ્મીરના એડીજીપીએ જમ્મુ-કાશ્મીર સરકાર દ્વારા લગભગ ૩ દાયકા બાદ શ્રીનગરમાં પોતાના પારંપરિક માર્ગ પરથી મોહરમ જુલૂસની અનુમતિ આપવા અંગે વાત કરતા કહ્યુ કે સરકારે જ્યારે આ નિર્ણય લીધો તે બાદ તાત્કાલિક અમે બેઠક કરી અને ગઈ કાલ રાતથી જ પોલીસદળ તૈનાત છે.

જમ્મુ-કાશ્મીરમાં મોહરમના જુલૂસની પરવાનગીનો મુદ્દો એટલા માટે મહત્વનો છે કેમ કે ૩ દાયકા કરતા વધુ સમયથી આની પરવાનગી નહોતી, કેમ કે સરકાર જુલૂસ કાઢનારને અલગાવવાદી આંદોલન પ્રત્યે નરમ માનતી હતી. ૧૯૯૦માં જમ્મુ-કાશ્મીરમાં આતંકી ઘૂસણખોરીની શરૂઆતમાં આની પર પ્રતિબંધ લગાવી દેવાયો હતો.

**નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ** ગોળ દવાખાના કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી.

અમરેલીની જનતાના હિતમાં નિર્ણય લઈ ગોળ હોસ્પિટલ દ્વારા ''આયુષ્યમાન કાર્ડ'' અંતર્ગત તદ્દન મફતમાં સર્જરી વિભાગ ચાલુ કરે છે

અમરેલીના પ્રખ્યાત સર્જન દ્વારા ઓપરેશન કરવામાં આવશે

ડૉ. પ્રદિપ ધડુક M.S.જનરલ સર્જન

ડૉ. કાજલ બગડા M.S.Ayu.(હરસ-મસા-ભગંદરનાં નિષ્ણાંત)

- હરસ-મસા-ભગંદર અને ફીસરનાં ઓપરેશન.
- મળમાર્ગને લગતા રોગોની સારવાર ઉપલબ્ધ.
- હર્નિયા (સારણગાંઠ), સુન્નતના ઓપરેશન.
- દુરબીન દ્વારા એપેન્ડિક્ષ તથા પિતાશયની કોથળીનું ઓપરેશન
- સ્તનની સાદી ગાંઠ, રસોળી, ચરબીની ગાંઠના ઓપરેશન.
- હાઈડ્રોસીલ (વધરાવળ)નું ઓપરેશન.

: નોંધ : બાજુમાં દર્શાવેલ ઓપરેશન (સર્જરી) આયુષ્યમાન કાર્ડમાં તદ્દન ફ્રી માં કરી આપવામાં આવશે

## તબીબોને લેવાની થતી નિદાન, સારવાર કે ઓપરેશન ફીની કોઈ જાણકારી જ નથી

# લ્યો બોલો : આરોગ્ય વિભાગને તબીબી સેવાની ફીની ખબર જ નથી

### સાવરકુંડલાનાં વ્હીસલ બ્લોઅરે તાલુકા કક્ષાએ માહિતી માંગી તો જિલ્લા કક્ષાએથી માર્ગદશર્ન મેળવાયું

### જિલ્લાકક્ષાને પણ કોઈ ખબર ન હોય ગાંધીનગરથી માર્ગદર્શન માંગવામાં આવ્યું

### દર વર્ષે જિલ્લામાં આરોગ્ય વિભાગનાં નિભાવ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ અને તેને કોઈ જાણકારી જ નથી

### બીજી તરફ તબીબો ઈચ્છા પ્રમાણે નિદાન, સારવાર કે ઓપરેશનની ફી લઈ રહ્યા હોય દર્દીનારાયણ ચુકવી રહ્યા છે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં આજે હજારોની સંખ્યામાં હોમિયોપેથીક, આયુર્વેદિક, બીડીએસ, એમબીબીએસ કે માસ્ટર ડીગ્રી કે સુપર સ્પેશ્યાલીસ્ટ તબીબો દર્દીનારાયણની સેવા કરી રહ્યા છે અને તબીબો તેમનાં માટે જુદી-જુદી ફી વસુલ કરી રહ્યા છે.

દરમિયાનમાં સાવરકુંડલાનાં જાગૃત નાગરિક, પત્રકાર પ્રતાપભાઈ ખુમાણે સ્થાનિક આરોગ્ય વિભાગ પાસે તબીબોની સારવાર અંગે ફી નાં કોઈ નિયમો કે અન્ય કોઈ વિગતો અંગે માહિતી માંગતા સ્થાનિક અધિકારીએ જિલ્લાકક્ષાનાં આરોગ્ય અધિકારી પાસે માર્ગદર્શન આપેલ પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે તેઓને પણ કશી જ ખબર ન હોય તેઓએ ગાંધીનગર ખાતેથી માર્ગદર્શન માંગેલ.

અમરેલી જિલ્લામાં જિલ્લાથી લઈને તાલુકા કક્ષાની આરોગ્ય કચેરીઓ ચલાવવા માટે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ જનતા જનાર્દનનાં પરેસવાની રકમથી થાય છે અને તે જનતાને નિયમ મુજબની ફી પ્રમાણે સારવાર મળે છે કે નહી તે જોવાની જવાબદારી આરોગ્ય વિભાગની હોય છે. પરંતુ આ બાબતની જિલ્લાકક્ષામાં કોઈ આરોગ્ય અધિકારીને જાણ નથી.

આ બાબતે રાજયનાં આરોગ્ય કમિશ્નરે દરેક રોગનાં નિદાન, સારવાર, ઓપરેશન માટેનાં જે કોઈ ફી નિર્ધારિત હોય તો તેને સાર્વજનિક કરીને તમામ તબીબોને તેનો ચાર્જ દર્દી જોઈ શકે તે દર્શાવવાનો આદેશ કરવો જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

### કુંકાવાવ નજીક આવેલ

## અમરાપુર ગામે સ્વામીનારાયણ મંદિરમાંથી રોકડ તથા પંચધાતુની મૂર્તિની ચોરી

### રૂા. ૧૧ હજારનાં મુદ્દામાલની ચોરીની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૭

કુંકાવાવ-વડિયા તાલુકાનાં અમરાપુર ગામે આવેલ સ્વામીનારાયણ મંદિરમાં ગત તા. ૨૫ નાં રોજ રાત્રીનાં ૧૨ વાગ્યાથી તા. ૨૬નાં સવાર સુધીનાં સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે મંદિરનાં પરિશરમાં પ્રવેશ કરી નકુચા તોડી પંચધાતુની મૂર્તિ કિંમત રૂા. ૧૦ હજારની તથા દાનપેટીમાંથી રૂા. ૧ હજારની ચોરી કરી લઈ ગુન્હો કર્યાની ફરિયાદ વડિયા પોલીસમાં નોંધાઈ છે.

### ડ્રગ્ઝ વિભાગનાં અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા

## અમરેલી જિલ્લાનાં અનેક મેડિકલ સ્ટોરમાં ફાર્મસીની જરૂરી ડીગ્રી ન ધરાવતા હોય તેવા વ્યકિતઓ દ્વારા દવાનું વેચાણ

### જીવનજરૂરી દવાનું વેચાણ ફાર્મસી થયેલ વ્યકિત જ કરી શકતા હોય છે

અમરેલી, તા. ૨૭

અમરેલી જિલ્લામાં ૫૦૦થી વધારે સંખ્યામાં મેડિકલ સ્ટોર કાર્યરત છે. તેમાં અનેક મેડિકલ સ્ટોરમાં દવાનું વેચાણ માટેની જરૂરી લાયકાત ન ધરાવતાં વ્યકિતઓ દવાનું વેચાણ કરતાં જોવા મળી રહ્યા હોય ડ્રગ્ઝ વિભાગનાં અધિકારીઓ શું કરે છે તે સમજાતું નથી.

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારાસભ્ય કસવાલા અને ના.પો.અ. હરેશ વોરા ધ્યાન આપે

## સાવરકુંડલાના એસ.ટી. ડેપોની બહાર ખાનગી વાહન ચાલકોની દાદાગીરીથી સૌ કોઈ પરેશાન

### એસ.ટી.નાં અધિકારીઓએ પણ જાગૃત થવાની જરૂર

સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા એસ.ટી. ડેપો સામેના ભાગમાં છેલ્લા ઘણા વર્ષથી ગેરકાયદેસર મુસાફરી કરાવતા ચોક્કસ લોકો દ્વારા બહારથી આવતા વાહનો ઉપર દાદાગીરી કરે છે ધમકીઓ આપે છે અને કેટલાક કિસ્સામાં માર પણ મારી લે છે. આવી અનેક ઘટનાઓ છાશવારે બનતી રહે છે અને આ વાહનો વાળા પાસે લાયસન્સ કે વાહનોના પૂરા કાગળો પણ નથી હોતા ત્યારે આ બધું તેમ કહીએ તો ખોટું નહીં તાજેતરમાં જ બહારગામના એક વાહન વાળા ઉપર પાંચથી સાત ચોક્કસ લોકો દ્વારા માર મારવામાં આવ્યો, ધમકી આપવામાં આવી, માથાકૂટ થઈ હતી. મુસાફરો ભરવા માટેની અને આ લોકોની દાદાગીરી એવી કે વાહનવાળા કે માર ખાનાર કે દાદાગીરી સહન કરનાર વ્યકિત પોલીસ સુધી પહોંચી શકતો નથી એવી રીતે એને ડરાવવામાં આવે છે. જેને કારણે એ નિર્ભય નથી અને પોલીસ ફરિયાદ પણ નથી કરી શકતો. ત્યારે સાવરકુંડલા સીટી પોલીસ જાગૃત બને આસપાસ ગેરકાયદેસર મુસાફરી કરાવતા હોય કેવા વાહનોની નોંધ અને તપાસ કરે, તેમના કાગળો જોવે અને યોગ્ય પગલા ભરે. સૌથી મહત્વની વાતએ છે કે અહીંયા નો પાર્કિંગ ઝોનનું બોર્ડ આ વાહનવાળાએ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખેડૂતોને ખેતી કાર્યમાં થયો વિક્ષેપ

## બાબરામાં મોડી સાંજે ૨ દિવસનાં વરાપ બાદ પુન : વરસાદનું આગમન

### ચરખા ચમારડી, ઉંટવડમાં પણ વરસાદ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૨૭

બાબરા પંથકમાં ૨ દિવસથી વરાપ બાદ મોડી સાંજે પુનઃ વરસાદનું આગમન થયું હતું.

બાબરા પંથકમાં વરાપ નીકળતા ખેડૂતોએ ખેતી કાર્ય શરૂ કર્યુ હતું. પરંતુ, અચાનક મોડી સાંજે વરસાદ શરૂ થતાં ખેડૂતોને વિક્ષેપ થયો હતો.ચરખા,ચમારડી, ઉંટવડ સહિતનાં ગામોમાં પણ વરસાદના વાવડ મળી રહયા છે.




**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

**બાલમુકુંદ** જ્વેલર્સ પ્રા.લી.

જેનામાં નિર્ણય લેવાની શક્તિ નથી, તે જ્યાં જાય ત્યાં સમસ્યા સર્જે છે.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)